# સામુદાયિક જમીન મેળવવા માટેનું એકશન રિસર્ચ...

## પ્રકરણઃ ૧

## પૂર્વભૂમિકા અને નેટવર્ક પરિચયઃ

ભારત જેવા ખેતીપ્રધાન અર્થતંત્ર ધરાવતા દેશમાં ખેડવાલાયક જમીન એ સૌથી મૂલ્યવાન મિલકત અને ઉત્પાદકનું સંશાધન ગણાય છે. આની સાથે સાથે જમીન વ્યકિતના અસ્તિત્વ, પ્રતિષ્ઠા, સ્વાભિમાન અને સામાજીક સુરક્ષાનું પણ મહત્વનું સાધન છે. એવી પરિસ્થિતીમાં જમીન માલિકીની વાત કરીએ એટલે જમીનવિહોણો એ બહુ મોટો વર્ગ છે. અને એમાંય ખાસ મહિલાઓ. કારણ કે આજ સુધી ખેતી ને પરિવારનું જ એક એકમ તરીકે જોવામાં આવ્યું છે. અને સ્વાભાવિક રીતે જ પુરૂષના હાથમાં જ આ એકમ રહ્યુ છે. જયારે મહિલા માટે જમીન એ માત્ર વૈયકિતક વિકાસ પુરતુ સીમિત નથી રહેતુ પણ તે સમગ્ર કુટુંબ અને સમાજ માટે મહત્વનું હોય છે. આમ છતા મહિલાઓના નામે જમીન એ વાત આજે પણ સમાજમાં એટલી સ્વીકાર્ય નથી. આ જ પરિસ્થિતીને સમતુલીત કરવા માટે ૧૯૯૮ માં મહિલા અને જમીન માલિકી કાર્યકારી જુથની રચના કરવામાં આવી. જે ગુજરાતની વિવિધ ૨૩ સંસ્થાઓનું નેટવર્ક છે.

આજે તેર વર્ષ પુરા થયે આ નેટવર્ક શરૂઆતમાં મહિલાઓને નામે જમીન થી સફર શરૂ કરી કે જે હવે તેની આજીવિકાને વધારે સક્ષમ કરવાની દિશામાં પ્રયાસો કરી રહ્યુ છે. સાથે સાથે ‘ ખેડુત’ની બહોળી વ્યાખ્યામાં પશુપાલકો, માછીમારોને પણ સમાવિષ્ટ કરી એ દિશામાં મહિલાઓના અધિકાર બાબતે મંથન કરી રહ્યું છે.

## પ્રકરણઃ ૨

## એકશન રિસર્ચનો પ્રારંભઃ-

ખેતીની વાત કરીએ તો સામાન્ય રીતે વ્યકિતગત માલિકીની જ આ બાબત છે. પરંતુ એની સાથે એક બીજો અભિગમ પણ છે સામુદાયિક અધિકારનો. કોઇ જમીન પર સામુહિક રીતે કાર્ય થાય અને તેના પરિણામમાં દરેકનો હિસ્સો બરાબરનો હોય તે મુખ્ય બાબત છે. આ જ દિશામાં નવો કાયદો આવ્યો કે જે સામુદાયિક વનઅધિકારનો કાયદો. આના માધ્યમથી ચોકકસ સમુદાયને જમીન માટેના નિશ્ચિત કરેલા અધિકાર મળે છે અને તેને માટે ચોકકસ સરકારી પ્રક્રિયા કરવી પડે છે. આની સાથે સાથે સરકારી પડતર જમીન પર સામુહિક રીતે ખેતી, વૃક્ષ ઉત્પાદન, મત્સ્ય - છીંગા ઉછેર, શાકભાજી વાવેતર, કોઇ ઔદ્યોગિક એકમો, વગેરે માટે જે તે નિયત કરાયેલ શરતો-નિયમોને આધીન સરકારી પડતર જમીન આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ઉપરાંત કોઇ ટ્રસ્ટ-સંગઠનને તેના ગોડાઉન, ઓફિસ વગેરે બનાવવા માટે પણ જોગવાઇ કરવામાં આવેલ છે.

મહિલા જુથો, સંગઠનોના પરિપ્રેક્ષ્યમાં જોઇએ તો, આ ખુબ મહત્વની જોગવાઇઓ છે કે જેના આધાર મહિલાઓને જમીન મળી શકે એમ છે તથા તેના પર તેઓ આર્થિક પગભર થાય છે. કોઇ મહિલા

સંગઠનો સ્વતંત્ર રીતે ચોક્કસ જગ્યા પર એકઠા થઇ શકે, સામાજીક પ્રવૃતિઓ કરી શકે, મહિલાઓ માટે એક એવી જગ્યા હોય કે જયાં તેમના દરેક પ્રકારના પ્રશ્નોનું નિરાકરણ આવે તે માટે ઓફિસ બની શકે.

મહિલાઓ સામુદાયિક રીતે કોઇ જમીનના માલિક બની શકે ખરા?? આ સપનાને વાસ્તવિક રૂપ આપવા ગુજરાતના મહિલા જુથો, મહિલા સંગઠનો તત્પર હતા અને તેમણે પોતાની જરૂરિયાત અને પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને વિવિધ સરકારી પ્રક્રિયા જમીન માંગણી માટે કરી. આ માટેની કાયદાકીય પ્રક્રિયા, માર્ગદર્શન, સરકાર સાથે સંકલન, જમીની સ્તરના પ્રયાસો વગેરે કરવામાં આવ્યાં છે. જેને અહીં તબક્કાવાર રજૂ કરેલ છે.

## પ્રકરણઃ ૩

## એકશન રિસર્ચના હેતુઓઃ

- સામુદાયિક જમીન મેળવવાની પ્રક્રિયા સ્પષ્ટ થાય.
- સામુદાયિક જમીન મેળવવા મહિલા સંગઠનોના અનુભવનું આદાન-પ્રદાન થાય.
- જમીન મેળવવા દરમ્યાન સરકાર સાથેની ભૂમિકા સ્પષ્ટ થાય.
- સામુદાયિક જમીન મેળવવાની પ્રક્રિયા અને મહિલા દ્રષ્ટિકોણનો સંબંધ સ્પષ્ટ કરવો.
- સામુદાયિક જમીન મેળવીને મહિલા સંગઠનો, જુથોને આજીવિકા પ્રાપ્ત થાય અને તે સ્વનિર્ભર બને.
- જમીન મેળવીને બહેનો સ્થાનિક વિસ્તારના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે.

## પ્રકરણ :૪

## એકશન રિસર્ચની પદ્ધતિઃ

- સામુદાયિક જમીન મેળવવાની પ્રક્રિયા સમજવા કાર્યશાળા અને નિષ્ણાંત સાથે બેઠક
- જમીની સ્તરે તેનું અમલીકરણ
- સામુદાયિક જમીન અધિકારના સંદર્ભમાં જરૂરી સાહિત્યનું વાંચન અને સરક્યુલેટ કરવા
- અમલીકરણમાં આવેલ અડચણોને જમીની સ્તરે સમજવી અને દુર કરવા માટે માર્ગદર્શન આપવું.
- સમયાંતરે સરકારી અધિકારી સાથે માર્ગદર્શન મેળવવું.
- માર્ગદર્શન પ્રમાણે જમીની સ્તર પર ફોલોઅપ.

## પ્રકરણ : ૫

## સામુદાયિક જમીન મેળવવા માટે ગ્રામ્ય, તાલુકા,જીલ્લા અને રાજય સ્તરે હાથ ધરવામાં આવેલ પ્રક્રિયાઓ...

વિવિધ સંગઠનો સ્થાનિક વિસ્તારની પરિસ્થિતી અને જરૂરિયાતને લઇને સામુદાયિક જમીન મેળવવા માટેની પ્રક્રિયાઓ કરી હતી. આ સામુદાયિક જમીન મેળવવા મુખ્યત્વે બે હેતુઓ હતા.
૧. મહિલા સંગઠનોની ઓફિસ, તાલીમ કેન્દ્ર માટે.

૨. મહિલા જુથોને આજીવિકાનાં સંદર્ભમાં.

ઓફિસ અને તાલીમકેન્દ્ર માટે તો જે - તે સંગઠનોએ ૨૦૦૨થી શરૂઆત કરી હતી. પરંતુ જયારે ૨૦૦૫માં કોર્પોરેટ ફાર્મીંગનો જી.આર. બહાર પડયો અને નાના તથા સીમાંત ખેડુતોને જમીન આપવાની વાત આવી એ સમયે મહિલા સંગઠનોએ નેટવર્કની રીતે એ રણનીતિ નકકી કરી કે, અગર કંપની, ખેડુતોને આજીવિકાના સંદર્ભમાં જમીનો મળી શકે તો તે અન્વયે મહિલા સંગઠનોને પણ જમીન મેળવવા પ્રક્રિયાઓ કરવી જોઇએ. જેના પરિણામે મહિલા ખેડુત તરીકેની તેમની ઓળખ પ્રસ્થાપિત થાય તથા આર્થિક જરૂરિયાતમંદ બહેનોને પણ ટેકો મળી રહે. આ ઉદેશ્યથી સામુહિક રીતે સ્થાનિક સંગઠનોએ અરજીઓ કરી. જે સંદર્ભે નીચે મુજબના સંગઠનો અને તેમની પ્રક્રિયાઓને રજૂ કરવામાં આવી છે.

**સામુદાયિક જમીન મેળવવા માટેના સંગઠનોની યાદી અને પ્રક્રિયાની ઝલક**

| ક્રમ | સંગઠન/મંડળનું નામ | જીલ્લો | જમીનની પ્રક્રિયા ની વિગત અને સમયગાળો |
|---|---|---|---|
| **સામુદાયિક જમીન ઓફિસ, તાલીમ કેન્દ્ર બનાવવા...** | | | |
| ૧ | માળિયા મહિલા શકિત સંગઠન | રાજકોટ | ૨૦૧૦ માં માંગણી કરેલ છે. પણ જે જમીન જોઇ તે સરકારની ઉપયોગની હોવાથી મળેલ નથી. |
| ૨. | પાનમ મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળી લીમીટેડ | દાહોદ | ૨૦૧૧ માં જમીનની માંગણી કરેલ છે. પણ જે જમીન યોગ્ય જણાઇ ત્યાં દબાણનો પ્રશ્ન મુખ્ય હતો. |
| **સામુદાયિક જમીન આજીવિકાના સંદર્ભમાં મેળવવા માટે** | | | |
| ૩. | શ્રી મહાકાળી મંડળ- ખેરા | અમરેલી | ૨૦૦૯માં ભાંભરા પાણીમાં ઝીંગા ઉછેર માટેની પ્રક્રિયા કરી, દરેક દસ્તાવેજોની પૂર્તતા સાથે કલેકટરમાં ફાઇલ મુકી છે. |
| ૪. | ગોપી મહિલા મંડળ- ચાંચ | અમરેલી | ભાંભરા પાણીમાં ઝીંગા ઉછેર માટે જમીનની માંગણી કરવામાં આવી. ૨૦૦૫ના દરેક દસ્તાવેજો આપીને ફાઇલ કલેકટરમાં સબમીટ કરવામાં આવી છે. પરંતુ હજી કોઇ પ્રત્યુતર મળેલ નથી. |
| ૫. | વિકાસ મહિલા મંડળ- કડિયાળી | અમરેલી | કુંવારપાઠુ અને શાકભાઇ દ્વારા આર્થિક ઉપાર્જન માટે જમીનની માંગણી ૨૦૦૮ માં કરવામાં આવી છે. |
| ૬ | ભાગવદગીતા અને ઉત્કર્ષ મહિલા મંડળો - કુંભારિયા | અમરેલી | ૨૦૦૮ના રોજ કુંવારપાઠુ અને શાકભાઇ દ્વારા આર્થિક ઉપાર્જન માટે જમીનની માંગણી કરવામાં આવી છે. |
| ૭. | વૃક્ષ ઉત્પાદક મંડળી - રાપર | કચ્છ | ૨૦૧૩ માં એકલનારી શકિત સંગઠન મંચે આ મંડળી બનાવી અને એકલ બહેનોના આર્થિક પગભર થવા માટે જમીન માંગણી કરી છે. હાલ પણ પ્રક્રિયા શરૂ છે. |

**નોંધઃ સંગઠનોએ કરેલ પ્રક્રિયા પાછળ જોડેલ છે.**

## પ્રકરણઃ ૬

## રાજયસ્તરે કરવામાં આવેલ બેઠક, કાર્યશાળાની નોંધઃ

સામુદાયિક જમીન મેળવવા માટે જમીની સ્તર પર પ્રયાસોની સાથે સાથે રાજયસ્તરે સામુહિક રીતે પણ મહિલા સંગઠનોને માર્ગદર્શન આપવા તથા કાયદાકીય સચોટ માહિતી મેળવવાનાં સ્વરૂપે બેઠકો, કાર્યશાળા કરવામાં આવી હતી.

સૌ પ્રથમ ૨૯ એપ્રિલ ૨૦૧૪નાં રોજ સચિયવાયથી જયેશભાઇ સાથે સાંથણીની જમીન તથા વારસાઇના સંદર્ભમાં માહિતી સભ્ય સંસ્થાઓને આપવામાં આવી. હતી.

- મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલને પણ સામુદાયિક જમીન બાબતે ૨૧ ઓગસ્ટ ૨૦૧૪ના રોજ રૂબરૂ મુલાકાત કરવામાં આવી હતી. જેમાં સાગબારાથી નવજીવન આદિવાસી મહિલા વિકાસ મંચ, રાપર એકલનારી શકિત સંગઠનના પ્રતિનિધી અને સંસ્થાના કાર્યકરો સહભાગી બન્યા હતા.

 જેમાં નવજીવન આદિવાસી મહિલા વિકાસ મંચને સાગબારા માં જ શોપીંગ સેન્ટરમાં ભાડા પેટે આપેલ શોપીંગ સેન્ટર સંગઠનને તેના નામે જ કાર્યવાહી કરાવવાની દરખાસ્ત કરવામાં આવી. જેના પ્રત્યુતરમાં આ બાબતને વિચારણામાં લેવાશે એમ કહ્યુ હતું. તથા વૃક્ષ ઉત્પાદક મંડળી- રાપરે પણ પોતાની સામુદાયિક જમીનની માંગણી બાબતે વાત કરી હતી.

- હિતેશભાઇ જોષી - (સેકશન અધિકારી)સાથે બેઠકઃ
 મહિલા સંગઠનોની સામુદાયિક જમીન મેળવવાની પક્રિયા બાબતે અવતગ કરાયા. અને જે મુશ્કેલીઓ તથા પ્રશ્નો આવે છે તે બાબતે ચર્ચા કરવી. આ પ્રક્રિયાને સમજવામાં આવી. જેમાં મુખ્ય મહત્વના મુદા પાછળ બિડાણ કરેલ છે.

## પ્રકરણઃ ૭

## સામુદાયિક જમીન મેળવવા માટે સંગઠનો સાથેના ફોલોઅપની નોંધ

**૭.૧ માળિયા શકિત મંચઃ**

- ચાંદરવા ગામની સરકારી પડતર જમીનની માહિતી લેવાનું કહેવામાં આવ્યુ હતુ જેમાં સરપંચ દ્વારા માહિતી મળી કે તે, જમીન ગૌચર છે.
- નીરૂબહેન ગામમાં કોમ્યુનિટી હોલની પસંદગી સંગઠને ઓફિસ માટે રાખી હતી. જેના સંદર્ભમાં સંગઠનના સભ્યો રતનબહેન અને જશુબહેને ગામના સરપંચ અને આગેવાનો સાથે બેઠક કરી અને રજુઆત કરી. જેમાં

પંચાયતે આ હોલ ઓફિસ માટે ન આપી શકાય એવું કહ્યુ હતું. તથા પંચાયતમાં બેસવાની જગ્યા આપશે એવી વાત કહી હતી.

- ત્યારબાદ  સંગઠનને પીપરીયા ચોકડીની આજુબાજુના ગામોના નકશા તાલુકાથી લેવાનું કહેવામાં આવ્યુ. તથા સરકારી પડતર જમીનની જગ્યા પસંદગી તલાટી સાથે રહી કરવાનું કહેવામાં આવ્યું.
- સંગઠને ‘આઝાદ મહિલા સરકારી માછીમર મંડળી બનાવી છે. આ મંડળીએ માળિયા નગરપાલિકામાં મંડળીની બજારવ્યવસ્થા માટે જગ્યાની માંગણી કરી છે એવું રતનબહેને જણાવ્યુ.

## ૭.૨ એકલનારી શકિત મંચઃ વૃક્ષ ઉત્પાદક મંડળી

| | |
|---|---|
| **૧૫ જુન ૨૦૧૫ના રોજ થયેલ ફોલોઅપ...** | માંગણી કરેલ સરકારી પડતર જમીન ખેતીલાયક નથી પરંતુ ઝાડ ઉછેરી શકાય એવું દર્શાવતુ પ્રમાણપત્ર જીલ્લા અધિકારી ખેતી નિયામક અધિકારીને અરજી મોકલવામાં આવશે.<br>આ અરજી મંડળીએ તાલુકામાં આઠ દિવસ પહેલા અરજી કરી હતી. જેના બદલે જીલ્લામાં કરવાનું હોવાથી  તેઓ હવે ફરી વાર અરજી કરશે. |
| **૨૭ જુન ૨૦૧૫** | જીલ્લા ખેતીવાડી નિયામક ને અરજી કરવામાં આવી. |
| **૨૪ જુલાઇ ૨૦૧૫** | કોઇ પ્રત્યુતર ન આવતા ફોન પર માહિતી લેવામાં આવી કે, જે અરજી કરેલ છે તેનું સ્ટેટસ જાણવા માટે. જેમાં તેમને માહિતી આપવામાં આવી કે, એ અરજી મામલતદાર શ્રીને કરવાની છે. |
| **૩૧ જુલાઇ ૨૦૧૫** | ૩-૮-૨૦૧૫ (સોમવાર)ના રોજ મામલતદારને અરજી કરવામાં આવશે. |
| **૨૯ સપ્ટેમ્બર** | તાલુકામાં મામલતદાર મા ફોલોઅપ કરતા પ્રાત કચેરીમાં અરજી ટ્રાન્સફર થઇ છે. તેવું જણાવ્યું. ત્યારબાદ પ્રાંત ઓફિસમાં જઇને ફોલોઅપ કરવામાં આવ્યુ. અને તેમણે ૨૮-૯ના રોજ આવવાનું જણાવ્યુ. |
| **૧૭ નવેમ્બર** | ઓકટોબરનાં પહેલા અઠવાડિયામાં ફરી પ્રાંત ઓફિસરને મળવા ગયેલ અને તેમણે મામલતદારને મળવાનું જણાવ્યુ. મામલતદાર સાથે રૂબરૂ મુલાકાત કરી અને તેમણે ફાઇલ જોઇને સર્ટીફીકેટ પછી મળશે એવું જણાવ્યું. ફરી અઠવાડિયા પછી રૂબરૂ મુલાકાત મામલતદારને કરી અને તેમણે ચૂંટણી પછી પસંદ કરેલ જમીન જોવાની વાત કરી છે. |

## ૭.૩ પાનમ મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળી

- જમીન પસંદગીની પ્રક્રિયા ફરી કરવા માટે સાજીવાવની નજીક નાંદરવા ગામ કે જે રોડ પર જ છે. તેનો નો નકશો કઢાવ્યો છે. પરંતુ ગ્રામસભામાં જમીન લેવા માટે ઠરાવની પ્રક્રિયા માટે ગ્રામસભાએ મંજુરી બતાવી નથી. તેથી કામ આગળ વધ્યું નથી.
- મામલતદારમાં ૨૩ -૯ એ અરજી કરશે.
- કારોબારી સભ્યોનં સામુહિક રીતે એંવું માનવું છે કે, આટલી લાંબી જટિલ પ્રક્રિયાથી પણ બજારભાવે જ મંડળીને જમીન મળે તો એના બદલે હાલ સાજીવાવમાં જ જે ભાડાપર ઓફિસ રાખી છે. તે દરેક

રીતે અનુકુળ છે અને તેના માલિક મંડળીને ધ્યાનમાં રાખીને બજારભાવ કરતા ઓછી કિંમતે મકાન આપવા તૈયાર છે તો એ જ કેમ ન લેવું ? આમ, મંડળી હવે જમીન લેવા કરતા આ રીતે તૈયાર ઓફિસ લેવાનું જ નક્કી કરેલ છે.

- બિનખેતીના હેતુ સારુ સરકારી પડતર જમીન કયા હેતુસર લઇ શકાય તે બાબતે સરકારી ઠરાવની માહિતી મંડળીને આપવામાં આવી કે જેથી તેમને મામલતદાર પાસેથી સીધી રીતે જમીન લેવા માટે એક વિકલ્પ મળી રહે.

### ૭.૪ ભગવદગીતા અને ઉત્કર્ષ મહિલા મંડળ (કુંભારીયા ગામ- રાજુલા)

- આ મંહિલા મંડળે શાકભાજીના વાવેતર માટે જમીનની અરજી કરેલ હતી. જેના પ્રત્યુતર રૂપે તલાટી દ્વારા મૌખિક માહિતી આપવામાં આવી હતી કે, ગામની આજુબાજુ કે કોઇ સરકારી પડતર જમીન નથી. જેના ફોલોઅપ માટે મંડળને લેખિતમાં માહિતી લેવાનું કહ્યુ હતુ.
- આ બાબતે તલાટી સાથે ભાવનાબહેન (પેરાલીગલ) ગામમાં જઈને ૧૪-૭-૨૦૧૫ના રોજ બેઠક કરી અને તલાટીએ માહિતી આપી કે, જમીન છે પરંતુ દબાણ છે.
- ૨૩-૭-૨૦૧૫ ના રોજ ભાવનાબહેન સાથે વાતચીત થયેલ જેમા તેમણે પરિસ્થિતીની માહિતી આપતા તેને ફરી માર્ગદર્શન આપવામાં આવ્યુ કે, સરકારી પડતર જમીન માત્ર પસંદ કરી, તેના સર્વે નંબર લઇ, ૭-૧૨ અને ૮-અ ને જોડીને મામલતદારમાં અરજી પ્રથમ કરી આવે. ‘દબાણ’ હટાવવાની જવાબદારી મામલતદાર (સરકાર) ની છે. તેને લઇને આપણે પ્રક્રિયા ન રોકીએ. આમ, તેઓ હવે જમીનની પસંદગી કરી આગળ કાર્યવાહી કરશે એવું કહ્યુ છે.

### ૭.૫ શ્રી મહાકાળી મંડળ (ખેરા- રાજુલા)

- આ મંડળે ઝીંગા ઉછેર માટે સંયુકત જમીન લેવાની માંગણી કરેલ છે. જેના દરેક દસ્તાવેજો મામલતદારને સબમીટ કરવામાં આવ્યા છે. આ દસ્તાવેજો કલેકટરને આપવાની વાત તાલુકા સ્તરથી આવતા કલેકટરને ફાઇલ સબમીટ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતુ.
- સરકારી ઠરાવ પ્રમાણે મામલતદારમાં ફાઇલ જાય અને ત્યાબાદ સરકારી પ્રક્રિયાથી જ કલેટકર પાસે માહિતી જતી હોય છે. આમ છતા મંડળને કહેવામાં આવ્યુ. કોઇ કારણોસર મંડળ પાસેથી તે ફાઇલ ન મળતી હોવાથી પ્રક્રિયા અટકી છે.
- આ માટે મંડળને કલેટકર કચેરી જઇ માહિતી લેવાનું કહેવામાં આવ્યુ હતુ. પરંતુ મંડળની બહેનોએ સામાજીક પ્રસંગોને કારણે ફોલોઅપ કરેલ નથી. પરંતુ ૧૦ ઓગષ્ટ ૨૦૧૫ સુધી માહિતી લઇ આવશે એવું મંડળના પ્રમુખ મંગુબહેને જણાવ્યું છે.

## પ્રકરણ : ૮

## એકશન રિસર્ચથી મળેલ શીખઃ

- કાયદાકીય પ્રક્રિયા માટે જરૂરી દસ્તાવેજો હોવાં જરૂરી છે.
- વારંવારના સરકાર સાથે ફોલોઅપ ખુબ જ જરૂરી છે.

- સરકારી અધિકારીઓની બદલી થતા નવા અધિકારી સાથે સમગ્ર પ્રક્રિયા બાબતે તેમને અવગત કરવા જરૂરી છે.
- સામુદાયિક જમીન મેળવવાની પ્રક્રિયાની સચોટ માહિતી હોવી જરૂરી છે સાથે તેને અમલીકરણ માટે રણનીતિ હોવી પણ જરૂરી છે.

## પ્રકરણઃ ૯

## સામુદાયિક જમીન મેળવવામાં પડેલ મુશ્કેલીઓ...

- સ્થાનિક સ્તરે જે સરકાર તરફથી પ્રક્રિયાને મોળો પ્રતિસાદ...
- પિતૃસતાત્મક સોચને લીધે મહિલા સંગઠનોને જમીન મેળવવામાં અવરોધક પરિબળો
- જમીન-મિલ્કત હોવાથી આગેવાનોને પણ તેમાં રસ હોવાથી જમીન મેળવવામાં મુશ્કેલી.
- ભ્રષ્ટાચારને લીધે જમીન મેળવવામાં મુશ્કેલી
  મહિલા સંગઠનો સ્થાનિક વિસ્તારમાં અધિકારના મુદ્દે કાર્ય કરતા હોવાથી અનેક રાજકારણી, આગેવાનો નારાજ હોતા પ્રક્રિયામાં અડચણ ઉભી કરે છે.
- વારંવાર સરકારી અધિકારીની બદલી થતા ફરી નવેસરથી સંબંધો બાંધી પ્રક્રિયાને આગળ ચલાવવી પડે છે.
- ઉદ્યોગીકરણને લીધે પણ જમીન મહિલા મંડળોને મળી નથી રહી.

## પ્રકરણઃ ૧૦

## એકશન રિસર્ચની મર્યાદાઓઃ

- લાંબા સમયની પ્રક્રિયા હોવાથી અમુક જોડાયેલ કાર્યકરો બદલાઇ જતા ચોકકસ પ્રક્રિયાની માહિતી મેળવવામાં મુશ્કેલી થઇ છે.
- કાયદાકીય માહિતીનો જમીની સ્તરે સચોટ માહિતી ન હોતા પ્રક્રિયાને વધારે જટીલ બનાવી દેવામાં આવી છે.
- લાંબા સમયથી આ પ્રક્રિયા થતી હોવાથી અમુક જગ્યાએ તેની પ્રાથમિકતા પણ બદલી છે એવું જણાય છે.
- સરકાર તરફથી અપેક્ષિત સહકાર અને પ્રતિભાવ ન મળવાને કારણે પણ પ્રક્રિયા ધીમી પડી છે.
- લાંબો સમય પ્રક્રિયાને થતા પરિણામે જે સામુહિક રીતે પ્રયાસો અને ઉર્જા હોવી જોઇએ તેની મર્યાદા જણાય છે.
- પડકારોઃ

- પિતૃસતાત્મક વિચારધારાને પરિણામે મહિલાઓને જાહેર ક્ષેત્ર જમીન-મિલ્કતના સંદર્ભે ટકી રહેવું ખુબ જ મુશ્કેલ બની રહ્યુ છે.
- કાયદાકીય પ્રક્રિયાને સમયસર જે પુરી કરવાની હોય છે તે પુરી કરાવવી પણ પડકારજનક છે.
- ભ્રષ્ટાચારનો મુદો પણ ખુબ જ પડકારજનક છે.

## મહિલા સંગઠનોએ કરેલ પ્રક્રિયા અને આયોજન

### ૧. માળિયા મહિલા શકિત સંગઠન પરિચયઃ

આ સંગઠન ૨૦૦૭થી કાર્યરત છે જેમાં ૨૦૦૦ જેટલી બહેનો સભ્ય છે. મુખ્યત્વે બચતધિરાણ, સ્ત્રી હિંસા, જમીન માલિકી, આરોગ્ય, સામાજીક ન્યાયના મુદે આ સંગઠન કાર્ય કરે છે. આનંદી સંસ્થાએ આની શરૂઆત કરી હતી. અને ધીરે ધીરે સ્થાનિક બહેનોમાં નેતૃત્વ આવતુ ગયું અને બહેનોને એમ મહેસુસ થયું કે આ અમારું સંગઠન છે અને તેને ચલાવવાની આગળ લઈ જવાની અમારી જવાબદારી છે ત્યારથી આ સંગઠન પોતાની રીતે કાર્યરત છે.

**જમીન માંગણીનો હેતુ**

સંગઠનાત્મક પ્રવૃતિ જેમાં વિશેષ કરીને, મિટીંગો, તાલીમો અને સંગઠનની ઓફિસ માટે જમીન માંગણી કરેલ છે.

**જમીન માંગણીની પ્રક્રિયાના મુદાઃ**

- માર્ચ ૨૦૧૦માં મામલતદાર પાસે લેખિતમાં અરજી કરી હતી, અને તેમણે સરકારી પડતર જમીન જોવાની વાત સરકારે કરી.
- ત્યારબાદ, સંગઠને મામલતદાર કચેરીની બાજુની જમીનની માંગણી કરી તો તે રેલ્વેની છે એમ જવાબ આપવામાં આવ્યો.
- સંગઠને ત્યારબાદ જખૈયા રોડ પર અગરિયા હિતરક્ષક ની ઓફિસની બાજુની પડતર જમીનની માંગણી કરી. જેના પ્રત્યુતરમાં મામલતદારે તેના ભાવ જે થશે તે પ્રમાણે સંગઠનને રૂપિયા ભરવા પડશે એવું જણાવ્યું.
- સંગઠને ફ્રી વેલ્યુ જમીન મેળવવા બાબતના સંદર્ભમાં મામલતદારને અરજી કરી. કે જેથી પૈસા ભરવા ન પડે. તેના ૨૨-૮-૨૦૧૪ના પ્રત્યુતરમાં જણાવવામાં આવ્યુ કે, આપ નિયત નમુનામાં અરજી કરો.
- આ પ્રક્રિયામાં ખાસ કોઇ લેખિતમાં પ્રક્રિયા થઇ નથી. હાલ સંગઠન અગરિયા હિતરક્ષકની જ ઓફિસમાં બેસે છે. પરંતુ એક કાર્યક્રમમાં પી.એસ.આઇ. આવ્યા અને બહેનોને પીપરીયા ચોકડી પર ખુલ્લામાં બેસીને સામાજીક ન્યાયના મુદે કાર્ય કરતા જોઈ તેમની ઓફિસ વિશે માહિતી માંગી.
- સંગઠને જણાવ્યું કે, ઓફિસ ન હોવાથી અમે અહીં બેસીએ છીએ. ભાડાની ઓફિસ તો વારંવાર બદલે તેથી સામાજીક ન્યાય માટે ચોકકસ સ્થળ નકકી હોય તો જ લોકોને અમારી સાથે સંપર્ક કરવા અનુકુળ રહે. એ ઉદેશ્યથી ચોકડી પર જ બેસીએ છીએ.
- આમ, પી.એસ.આઇ. એ લેખિતમાં અરજી કરવાનું કહ્યુ અને પોતે મદદ કરશે એવી હૈયાધારણા આપી.
- પીપરીયા હવે નજીકના સમયમાં તાલુકો બનવા જઇ રહ્યો છે અને સંગઠનના ગામો પણ એ જ પટ્ટીમાં વધારે હોવાથી પીપરીયાની આજુબાજુ જમીન મળે એવું સંગઠન વિચારે છે.
- પીપરીયા ચોકડીની બાજુમાં નીરુબહેન પટેલનું ગામ છે, તેમાં એક સાર્વજનિક હોલ બંધ હાલતમાં છે અગર તે મળી જાય તો સંગઠનને સારુ રહે એવું લાગતા સરપંચ સાથે વાત થઇ.
- સરપંચે આ હોલની વ્યવસ્થિત માહિતી ન આપતી તે બાબત હજી અટકી પડી છે.
- આ ઉપરાંત પીપરીયાની બાજુમાં સરકારી પડતર જમીન છે જે સંગઠનને યોગ્ય લાગે છે તો તેના પર દબાણ છે અને તેથી તેના માટે સંગઠને આગળ પ્રક્રિયા હાથ ધરી નથી.

**આયોજનઃ**

| ક્રમ | કાર્ય | સમયગાળો | જવાબદારી |
|---|---|---|---|
| ૧ | નીરુબહેન પટેલ ગામમાં હોલ છે તેની સંપૂર્ણ માહિતી એકત્રિત કરવી અને સરપંચ, તલાટી સાથે બેઠક કરવી. | ૧૯ - ૫- ૨૦૧૫ | રતનબહેન અને જશુબહેન |
| ૨ | ચાચાવાદરડા ગામનો નકશો કઢાવવો. | ૨૧- ૫- ૨૦૧૫ | નરેશ |
| ૩ | લુટાવદર અને પીપરીયા ગામનો નકશો કઢાવવો. | ૨૫ - ૫- ૨૦૧૫ | રતનબહેન |

## ૨. પાનમ મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળી લીમીટેડ પરિચયઃ

**પરિચયઃ**

આ મંડળીની શરૂઆત ૨૦૧૦ થી થઇ હતી અને તેનો નોંધણી નંબરઃ ૩૩૯૧૯ છે. આ મંડળી મુખ્યત્વે વિસ્થાપિત પાનમ ડેમની બહેનો છે. ૨૦૦૦ જેટલી બહેનોના આ મંડળીની મુખ્ય પ્રવૃતિ બચત-ધિરાણ તથા અન્ય મહિલાઓના અધિકાર અને વિકાસના મુદ્દાઓને ઉઠાવવા અને અમલી બનાવવાની સાથે જોડાયેલ છે.

**જમીન માંગણીની પ્રક્રિયાઃ**

૨૦૧૦માં થયેલ શરૂઆત બાદ, ૨૩ માર્ચ ૨૦૧૧માં તેમણે કલેકટરને ગ્રામીણ મહિલાઓની તાલીમ અને માર્ગદર્શન કેન્દ્ર માટે ઓફિસ બનાવવા જમીનની માંગણી કરી હતી.

- જમીનની માંગણી બાદ કલેકટરશ્રી દ્વારા ફોલોઅપ બાદ મામલતદાર કચેરીથી જાણ કરવામાં આવી કે, મંડળી પોતાના માટે સરકારી પડતર જમીન શોધે અને ત્યારબાદ, એ માહિતી સાથે ફરી લેખિતમાં જણ કરે.
- મંડળીએ એવી જમીન માટેના માપદંડો રાખ્યા હતા કે, જે સુરક્ષિત હોય અને વાહનવ્યવહાર મળી શકે એમ હોય. જેથી ગામની કોઇપણ બહેન મંડળી સુધી પહોંચી શકે.
- શહેરા (તાલુકા મથક)થી લઇને નાંદરવાની પટ્ટી સુધીની દરેક જમીનો જોવાનું નક્કી કર્યુ. અને તાલુકામાંથી નકશા કઢાવ્યા અને જે તે ગામના તલાટી સાથે ચર્ચા - વિમર્શ કરવામાં આવ્યું.
- નકશા અને ચર્ચાને અંતે અમુક જગ્યાઓ સ્થળ પર પણ જોવા ગયા પરંતુ જે જમીનો અનુકુળ હતી ત્યા ખેતીનું દબાદ હતુ.
- આમ, મામલતદારમાં જે જમીનની નોંધ સાથે દસ્તાવેજ જમા કરાવવાના હતા તે ન કરાવી શકયા.
- આ ઉપરાંત સરકારી પડતર જમીનના પૈસા આપવાના હોય તેવી માહિતીને ધ્યાને રાખી જમીન જોવાનું ઢીલુ કર્યુ. કારણ અગર સરકારને આટલી પ્રક્રિયાને અંતે રૂપિયા આપવાના હોય તો પસંદગીની જ સુરક્ષિત જગ્યા કેમ ન લઇએ? એમ વિચારીને જમીન જોવાનું બંદ કરી નાખ્યુ.

**આયોજનઃ**

- મંડળી ફરીથી જમીન જોવાની પ્રક્રિયા હાથ ધરશે જેમાં દબાણવાળી જમીનને છુટી કરાવવાન જવાબદારી સરકારની છે તેવું સ્પષ્ટ કરવામાં આવ્યું.
- એક કરતા વધારે જમીનોની પસંદગી કરીને સરકારને વિકલ્પ આપવામાં આવશે કે જેથી એક નહી તો બીજી જમીન મળવાની સંભાવના વધી જાય.
- ચાર ગામની પસંદગી કરવામાં આવી, જેની આજુબાજુ સરકારી પડતર જમીન જોવાનું નક્કી કરવામા આવ્યું. આ ગામના નામ છેઃ નાંદરવા, ખોજલવાસા, બોરીયારી અને ગાંગળીયા.
- ૧૫ મે સુધી ચાર ગામના નકશા કઢાવી અનુકુળ જમીન ને તલાટી સાથે સ્થળ પર નિરીક્ષણ કરવામાં આવશે.

**ફોલોઅપઃ**

- નાંદરવા ગામનો નકશો કઢાવ્યો છે. પરંતુ ગ્રામસભામાં જમીન લેવા માટે ઠરાવની પ્રક્રિયા માટે ગ્રામસભાએ મંજુરી બતાવી નથી. તેથી કામ આગળ વધ્યું નથી.
- મામલતદારમાં ૨૩ -ઘ કરવામાં આવી છે.
- કારોબારી સભ્યોનં સામુહિક રીતે એવું માનવું છે કે, આટલી લાંબી જટિલ પ્રક્રિયાથી પણ બજારભાવે જ મંડળીને જમીન મળે તો એના બદલે હાલ સાજીવાવમાં જ જે ભાડાપર ઓફિસ રાખી છે. તે દરેક રીતે અનુકુળ છે અને તેના માલિક મંડળીને ધ્યાનમાં રાખીને બજારભાવ કરતા ઓછી કિંમતે મકાન આપવા તૈયાર છે તો એ જ કેમ ન લેવું ?

  આમ, મંડળી હવે જમીન લેવા કરતા આ રીતે તૈયાર ઓફિસ લેવાનું જ નક્કી કરેલ છે.

## સામુદાયિક જમીન આજીવિકાના સંદર્ભમાં મેળવવા માટે

## ગોપી મહિલા મંડળ - ચાંચ

**મંડળનો પરિચયઃ** આ મંડળ મુખ્યત્વે બચત-ધિરાણની પ્રવૃતિ કરે છે. તેની મુંબઇ સાર્વજનિક અધિનિયમ હેઠળ નોંધણી થયેલ છે. એફ/૮/૯૨/અમરેલી.

**જમીન માંગણીનો હેતુઃ** ભાંભરા પાણીમાં ઝીંગા ઉછેર માટે.

**જમીન માંગણી માટે કરવામાં આવેલ પ્રક્રિયાઃ**

- મામલતદારને ભાંભરા પાણીમાં ઝીંગા ઉછેર માટે સરકારી પડતર જમીન સર્વે નંબર ૧૯૭ પૈકી જમીન માંગણી માટે લેખિતમાં અરજી કરવામાં આવી.
- ત્યારબાદ, મંડળના સભ્ય બહેનોએ મત્સ્ય ઉછેરની તાલીમ લીધી.
- મંડળની જમીન માંગણીની અરજીના જવાબમાં કલેકટર દ્વારા ૨૮-૪-૨૦૦૫ના રોજ મંડળનો આર્થિક સદ્ધરતાનો દાખલો અને ઝીંગા ઉછેરના અનુભવનું પ્રમાણપત્ર અને જરૂરી દસ્તાવેજોની પૂર્તતા કરવા જણાવ્યું.
- ૨૩-૯-૨૦૦૫ના રોજ મંડળે લેખિતમાં જરૂરી દસ્તાવેજો જોડીને અરજી કલેકટરને આપી.
- આ પ્રક્રિયા બાદ કોઈ સરકાર તરફથી પ્રત્યુતર આવેલ નથી.
- પંચાયત સાથે મંડળની બહેનો ના મૌખિક સંવાદમાં જાણવા મળ્યું કે, ભવિષ્યમાં પોર્ટના વિકાસ અર્થે આ જમીન પોર્ટને ફાળવવામાં આવશે.

## શ્રી મહાકાળી મંડળ (ખેરા - ગામ)

**પરિચયઃ** શ્રી મહાકાળી મંડળ (ખેરા -ગામ) મુખ્યત્વે બચત-ધિરાણની પ્રવૃતિઓ કરે છે. તેની ગુજરાત/૧૭૪૦/અમરેલી, મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ હેઠળ નોંધણી થયેલ છે.

**જમીન મેળવવા માટેનો હેતુઃ** ભાંભરા પાણીમાં ઝીંગા ઉછેર માટે બહેનોએ સામુહિક જમીન સરકાર પાસે માંગણી કરેલ છે.

**જમીન માંગણીની પ્રક્રિયાઃ**

- ૮-૮- ૨૦૦૯ ના રોજ રાજુલાના મામલતદારને લેખિતમાં અરજી આપવામાં આવી. જેમાં સરકારી પડતર જમીન નો સર્વે નંબર- ૭૦૧ પૈકીમાંથી કુલ ૫ એકર જમીન મંડળને સુચિત હેતુ માટે ફાળવે એવો ઉલ્લેખ કર્યો.
- આ અરજીના પ્રત્યુતરમાં તલાટીએ મંડળને તા. ૧૪-૮-૨૦૦૯ના રોજ પત્ર દ્વારા જરૂરી દસ્તાવેજો પૂર્તતા કરવા જણાવ્યુ.
    - o પ્રોસેસ ફીનું ચલણ
    - o રેવન્યુ નકશાની કુલ ૧૦ નકલ
    - o ઝીંગા પાલીન માટે અનુભવનું પ્રમાણપત્ર
    - o શ્રી મહાકાળી મંડળની નોંધણીનો દાખલો (આ સમયે મંડળ નોંધણીની પ્રક્રિયામાં હોવાથી આ પ્રક્રિયાને થોડો સમય નીકળી ગયો.

  અને ફરીથી ૧૭-૫-૨૦૧૩ના રોજ મંડળે ફરી આ પ્રક્રિયા શરૂ કરી જેમાં તલાટીએ સૂચવેલા દરેક દસ્તાવેજોની સાથે મામલતદારને અરજી કરી. જેમાં નીચે પ્રમાણેનો દસ્તાવેજો જોડવામાં આવ્યા.

    - ગામ નમૂનો ૭-૧૨ અને ૮- અ
    - ખેરા ગામનો નકશો
    - મત્સ્ય ઉદ્યોગ ના અનુભવનું પ્રમાણપત્ર
    - મંડળની નોંધણીનો દાખલો
    - ચલણ ભરેલ દાખલો

આના જવાબમાં ૨૨-૫- ૨૦૧૩ ના રોજ દરેક દસ્તાવેજો પરત આપી લેખિતમાં જણાવ્યુ કે આ અરજી કલેકટર- અમરેલી કરવાની રહેશે.

કલેકટરમાં અરજી કરતા તેના જવાબમાં ૩૧-૫-૨૦૧૩ના રોજ અન્ય દાખલા અને આધાર પુરાવાની પૂર્તતા કરવા માટે કાગળ આવ્યો.

- અરજી ઉપર નિયત રકમની સ્ટેમ્પ ફી
- માંગણીવાળી જમીનની સ્થળ સ્થિતિ દર્શાવતો નકશો નંગ ૯ જેમાં લાલ રંગથી સ્થળ દર્શાવવું.
- આપ પોતાના કે કુટુંબના અન્ય સભ્યોના નામે માંગણી મુજબના હેતુ માટેની કે અન્ય કોઇ જમીન ધારણ કરો છો કે કેમ? જો ધારણ કરતા હોય તો તેના આધારો .

- માંગણીવાળી જમીનર્નીી સ્થળ સ્થિતિ અંગેનો સ્થાનિક તલાટી કમ મંત્રીનો દાખલો.
- આર્થિક સદ્ધરતાનો આધાર
- માંગણીવાળી જમીન પ્રવર્તમાન જમીન કિંમત ભરવા આપ સંમત છો તે અંગતેની આપની સંમતી
- સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક જમન/૩૯૯૧૦/૩૫૧૯/અ તા.૨૯-૪-૨૦૧૧ના પારા -૪ની વિગતે માંગણીવાળી જમીનના કુલ ક્ષેત્રફળના પ્રવર્તમાન જંત્રીના ૧%લેખે સર્વિસચાર્જની રકમ ''૦૦૨૯-જમીન મહેસુલ ગૌણ સદર ૧૦૩ જમીન પર દર અને ઉપકર પેટા સદર (૫) જમીનના વેચાણ તથા હેતુફેર તથા નવામાંથી જુના કરારમાં તબદીલીનું પ્રિમિયમ'' સદરે ભરપાઇ કર્યાના આધારો (ભરેલ રકમ પરત મળવા પાત્ર નથી.)

આ પૂર્તતા કરીને ફરી કલેકટરમાં ફાઇલ મુકવામાં આવી. પરંતુ કોઇ જવાબ આપેલ નથી. આ પ્રક્રિયા બાદ મંડળના પ્રમુખ મંગુબહેન સાથે થયેલ ચર્ચા અને આયોજન નીચે મુજબ છે.

- મંગુબહેને જણાવ્યુ કે મંડળની દરેક બહેનો ફાઇલ સાથે કલેકટર ઓફિસ જશે અને સંવાદ કરશે કે તેમની જમીનની માંગણી માટે હજી પ્રક્રિયામાં કયાં અધૂરાશ છે? અને તેને પૂર્ણ કરવામાં કેટલો સમય સરકાર લેશે ?
- મંગુબહેન સાથે ચર્ચાને અંતે તેમને પોતાને મૂંઝવતો પ્રશ્ન મુકયો કે, આજુબાજુના ગામના અનુભવમાં જોવા મળ્યુ છે કે, ઝીંગા ઉછેરની જગ્યામાં ઘણી વખત અસમાજીક તત્વો એવા પ્રકારની દવા નાખી દે છે કે જેના કારણે બધા જ ઝીંગા-માછલી મરી જાય છે. આમ જે આર્થિક હેતુ માટે જમીન લઇ રહ્યા છે તે ખર્ચ વધી જશે અને આવક નહિ થાય તો ??? તેથી હવે લીંબુડીને પીસવા માટે જમીન લેવાનો વિચાર આવે છે.

**આયોજનઃ**

- આમ, મંગુબહેન સાથે લાંબી ચર્ચા કરવામાં આવી જેમાં તેઓ તેમના મંડળની બહેનો સાથે જમીન માંગણીના હેતુ માટે સ્પષ્ટ બને તે દિશામાં કરવામાં આવી. આ ચર્ચાને અંતે નકકી કરવામાં આવ્યુ કે, મંગુબહેન સૌ પ્રથમ તેમના મંડળની સાથે ચર્ચા કરશે, જેમાં જમીન માંગણી માટેનો હેતુ સ્પષ્ટ કરશે. અને ત્યારબાદ, જરૂરી પ્રક્રિયા હાતથ ધરવામાં આવશે.
- અગર લીંબુડી પીસવા માટેની જગ્યાનું મંડળની બહેનો દ્વારા નકકી કરવામાં આવશે. તો મંગુબહેન તલાટી સાથે રહી તે જગ્યા સરકારી પડતર જમીન છે કે નહી તથા તેના સર્વે નંબર લઇ ૭-૧૨ અને ૮-અ કઢ ાવશે.
- ત્યારબાદ, નવી જમીન માંગણીની પ્રક્રિયા કરવામાં આવશે.

**વિશેષ નોંધઃ**

આ પ્રક્રિયા ખુબ લાંબી ચાલી હતી, અને જટીલતાભરી પણ હતી. છતા પણ સંગઠને નિશ્ચય કર્યો હતો કે એક તો મંડળ માટેની જમીનની માંગણીની પ્રક્રિયા પુરી કરીને જ જંપીશું. ઘણીય મુશ્કેલીઓ આવી. છતા પણ સરકારે જે સમયે જે દસ્તાવેજો માંગ્યા તેની પૂર્તતા કરીને ફાઇલ ફરી સબમીટ કરવામાં આવી.

સંગઠનની આ પ્રક્રિયામાં પહેલેથી જ જોડાયેલ કાર્યકર બહેન કહે છે કે, આ પ્રક્રિયાને વધારે જટિલ બનાવવામાં આવે છે. અને જે સરકાર પાસેથી સહયોગ મળવો જોઇએ તે મળતો નથી. વળી,

બહેનોને જમીનના સંદર્ભમાં માહિતી નહી હોય એવી માનસીકતા સાથે તેમને જે સમયે માહિતી આપવી જોઇએ તે આપવામાં આવતી નથી. અને તેથી જ જમીન માંગણીની પ્રક્રિયા એટલી લાંબી થઇ જાય છે કે, છેલ્લે થાકીને બહેનો જ નિરાશ થઇ જાય છે.

## વિકાસ મહિલા મંડળ - કડિયાળી ગામ

પરિચયઃ વિકાસ મહિલા મંડળ મુખ્યત્વે બચત-ધિરાણની પ્રવૃતિ કરે છે. તેની હજી કાયદાકીય રીતે નોંધણી થયેલ નથી.

**જમીન મેળવવા માટેની કરવામાં આવેલ પ્રક્રિયાઃ**

- ૫-૪-૨૦૦૬ ના રોજ અમેરલી કલેકટરને જમીન માંગણી માટેની લેખિતમાં અરજી આપવામાં આવી. જેમાં માંગણી કરેલ જમીનના ૭-૧૨ અને ૮-અ ના નમૂનામાં પણ જોડવામાં આવ્યા.
- આ પ્રક્રિયા બાદ, મંડળ રજીસ્ટ્રેશન ન હોવાથી તથા થોડીક જમીન માંગણીને લઇને અસ્પષ્ટતાને લીધે પ્રક્રિયા ધીમી રહી.
- એ જ પ્રક્રિયા માટે ફરી મંડળની બહેનોએ જમીનના ઉપયોગ માટે સ્પષ્ટ થઇ અને ચોકક્સ આયોજનને લઇને પ્રક્રિયા આગળ વધારવામાં આવી. અને ૫-૯-૨૦૦૮ના રોજવ કડિયાળી ગામના તલાટીને સામુહિક રીતે શાકભાજી અને કુંવરપાઠુના વાવેતર ના હેતુસર જમીનની માંગણી કરવામાં આવી.
- પરંતુ ફરી એ જ પ્રશ્ન આવ્યો કે, મંડળ રજીસ્ટર થયેલ ન હોવાથી જમીન માંગણીની પ્રક્રિયા થઇ શકે નહીં. તેથી પ્રક્રિયા આગળ વધી નહીં.

**આયોજનઃ**

- મંડળના પ્રમુખ વેલીબહેન સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે, ‘અમને રસ છે પણ મંડળને રજીસ્ટ્રેશન કરાવીએ તો જ પ્રક્રિયા આગળ થાય એમ છે’ તો હવે શું કરીએ???
- મંડળ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ચોકક્સ કરે પણ એની સાથે ઉત્થાન દ્વારા ઉભા કરાયેલા રાજુલા ના મહિલા મંચ ના લેટરપેડ પર જમીન માંગણી માટેની પ્રક્રિયા કરી શકાય. આ બાબતથી સહમત થતા કુંભારીયાના બહેનો ફરીથી લેખિત અરજી કરશે જેમાં પસંદગી કરેલ જમીન માંગણીના ૭-૧૨ અને ૮-અ જોડશે. આ માટે ભાવનાબહેન તેમને ટેકો કરશે.

## ભગવદગીતા અને ઉત્કર્ષ મહિલા મંડળો

**પરિચયઃ** ભાગવતગીતા અને ઉત્કર્ષ મહિલા મંડળો (કુંભારિયા ગામ) મુખ્યત્વે બચત-ધિરાણની પ્રવૃતિ કરે છે. આ મંડળ રજીસ્ટ્રેશન થયેલ નથી.

**જમીન માંગણીનો હેતુઃ** કુંવારપાઠુ અને શાકભાજીના વાવેતરથી આર્થિક ઉપાર્જન માટે જમીન માંગણી કરેલ છે.

**જમીન માંગણી માટેની પ્રક્રિયાઃ**

- ૧-૧-૨૦૦૮ ના રોજ તલાટીને જમીનની માંગણી માટેની લેખિતમાં અરજી કરવામાં આવી.
- આ મંડળો રજીસ્ટર્ડ ન હોવાથી પ્રક્રિયા આગળ વધી શકશે નહીં એવું તલાટીએ જણાવ્યુ. તેથી શકી નહીં.
- 
- મંડળના પ્રમુખ સાથે વાત કરતા જણાવ્યું કે, માંગણી કરેલ જમીન ગૌચરની છે અને સરકારી પડતર જમીન ગામની આજુબાજુમાં નથી એવું તલાટીએ જણાવ્યું છે. તેથી પ્રક્રિયા આગળ વધી નથી.

**આયોજનઃ**

- તલાટી પાસેથી ગામનો નકશો લેવાનો અને જાતે અથવા જાણકાર પાસેથી માહિતી લેવાની કે નકશા પ્રમાણે સરકારી પડતર જમીન છે કે નહીં. તે માહિતી મળ્યા બાદ જ આગળ વધવું.
- તથા અગર ગૌચર ની જમીન તલાટીના કહેવા મુજબ ૧૫૦ વીઘા છે તો માહિતી માંગવાની કે ગામમાં માત્ર ૨૦ જ ઢોર છે તો તે માટે જરૂરી સરકારી નિયમ મુજબ કેટલું ગૌચર હોવું જોઇએ. આ બાબતની માહિતી મળ્યા બાદ આગળ પ્રક્રિયા કરવામાં આવશે.
- માહિતી લેવા માટે પ્રથમ મામલતદારમાં સાદી અરજીથી ગૌચરની માહિતી માંગવી અગર ન આપે, તો માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી લેવાનું નક્કી કરવામાં આવ્યું.

## એકલનારી શકિત મંચ પ્રેરિત વૃક્ષ ઉત્પાદક સમિતિઃ

એકલનારી શકિત મંચની શરૂઆત ૨૦૦૧ના ધરતીકંપ બાદ કચ્છમાં થઇ હતી. આ એકલ બહેનોના પ્રશ્નો, શોષણ દુર કરવા માટે આ સંગઠન કાર્યરત છે. આ સંગઠન અંતર્ગત રાપરની મહિલાઓએ પોતાની આજીવિકાને મજબૂત કરવા માટે ૨૦૦૫માં જયારે નાના સીમાંત ખેડુતને કોર્પોરેટ ફાર્મીંગ અન્વયે જમીન આપવાનો પરિપત્ર બહાર પાડયો ત્યારે માત્ર રાપરમાંથી ૮૫૦ વ્યકિગત અરજીઓ કરવામાં આવી. પરંતુ તેનો કોઇ પણ હકારાત્મક પ્રતિસાદ ન મળ્યો. તે સમયે અગર સામુદાયિક જમીનની માંગણી કરવામાં આવે તો જમીન મળી જશે એ વિચારથી ૨૦૦૫માં ૫૨ મહિલાઓની વૃક્ષ ઉત્પાદક સમિતિની રચના કરવામાં આવી.

**જમીન મેળવવાનો હેતુઃ**

સામુદાયિક જમીન પર ખેતી કરીને આજીવિકા મેળવવાના હેતુસર જમીન માંગણી કરવામાં આવી છે.

**જમીન મેળવવા માટે થયેલ પ્રક્રિયાઃ**

- ૨૦૦૫માં વૃક્ષ ઉત્પાદન સમિતિની રચના કરવામાં આવી અને આ મંડળીને પદ્ધતિસર સમજવા માટે તાલીમ પણ લેવામાં આવી.
- ૨૦13 માં મંડળીનું રજીસ્ટ્રેશન થયું.
- મામલતદાર કચેરીમાં ૨૦ - ૭ - ૨૦13માં લેખિતમાં જમીન માંગણી માટે અરજી આપવામાં આવી.

- જમીનની પસંદગી કરવામાં આવી અને સર્કલ ઓફિસરની હાજરીમાં પંચનામુ પણ કરવામાં આવ્યું.
- જે જમીનની માંગણી કરી હતી ત્યાં દબાણ થવાનું શરૂ થયું અને તેની લેખિતમાં અરજી પણ આપી કે જે સરકારી પડતર જમીનની માંગણી કરેલ છે તેના પર ગેરકાયદેસર દબાણ થયેલ છે.
- ૧૫-૪-૨૦૧૩ ના રોજ લેખીતમાં જણાવવામાં આવ્યુ કે, જમીન મેળવવા માટે નિયત નમુનામા અરજી કરવામાં આવે.
- આ નિયત નમુનાને મેળવવા મામલતદારમાં વારંવાર ગયા પણ ત્યાંથી ફોર્મ મળેલ નથી.
- ૨૧ -૮-૨૦૧૪ના રોજ મુખ્યમંત્રી આનંદીબહેન સાથે રૂબરૂ આ જમીન માંગણી બાબતે નેટવર્ક તરફથી રજુઆત કરવામાં આવી.

**અનુભવઃ**

જે જમીનની માંગણી કરેલ છે તેના પર અનેક લોકોની નજર છે અને તેથી જ તેને ન લેવા માટે એક યા બીજી રીતે જમીન મેળવવાની પ્રક્રિયા પર અટકાવ કરી રહ્યા છે. અહીયા સુધી કે જરૂરી દસ્તાવેજો ની ફાઇલને પણ સરકારી ઓફિસમાંથી ગુમ કરી નાખવામાં આવી હતી.

**ફોલોઅપઃ**

- મંડળીને નિયત નમૂનાની માહિતી આપવામાં આવી. તેના આધારે તેને અરજી કરવાનું કહેવામાં આવ્યું.
- ૧૫ જુન ૨૦૧૫ ના રોજ માહિતી લેવામાં આવી. જેમાં નીચે પ્રમાણેની માહિતી પ્રાપ્ત થઇ.
- માંગણી કરેલ સરકારી પડતર જમીન ખેતીલાયક નથી પરંતુ ઝાડ ઉછેરી શકાય એવું દર્શાવતુ પ્રમાણપત્ર જીલ્લા અધિકારી ખેતી નિયામક અધિકારીને અરજી મોકલવામાં આવશે. આ અરજી મંડળીએ તાલુકામાં આઠ દિવસ પહેલા અરજી કરી હતી. જેના બદલે જીલ્લામાં કરવાનું હોવાથી તેઓ હવે ફરી વાર અરજી કરશે.
- નિયત નમુનો આપવામાં આવ્યો.
- જીલ્લા ખેતી નિયામક અધિકારી ના પ્રમાણપત્ર માટે અરજીનો નમુનો પણ આપવામાં આવ્યો.

મંડળી તરફથી અરજીને જીલ્લા સ્તરે આપવામાં આવી હતી. પંદર દિવસ બાદ ફોલોઅપ કરીને માહિતી મળી કે તાલુકામાં મામલતદારને આપવાની હોય છે. તો મામલતદારને આપવામાં આવી અને તેમણે પ્રાતમાં મોકલાવી.

## ૧. જયેશભાઇ

તા. ૨૯ એપ્રિલ ૨૦૧૪ના રોજ ગાંધીનગરથી જયેશભાઇ દ્વારા દરેક નેટવર્કની સભ્ય સંસ્થાનાના પ્રતિનિધીની હાજરીમાં સાંથણીની જમીન તથા વારસાઇ જમીન વિશે માહિતી આપવામાં આવી હતી.

**સાંથણીની જમીનઃ**

- સરાકાર માત્ર ખેતી માટેની જે જમીન આપે છે તેની પ્રક્રિયાને સાંથણી કહેવામાં આવે છે. ૧-૩-૧૯૬૦ ના ઠરાવ મુજબ, સાથણીની જમીનનો મુખ્ય ઉદેશ્ય ખેતીના માધ્યમથી લોકોને આજીવિકાનું સાધન મળી રહે તે જ છે. અને મુખ્યત્વે જમીન નવસાધ્ય થાય તે પણ જરૂરી હતુ. સાંથણીમાં કુદરતી આફતો જેમકે, પુર, અતિવૃષ્ટિ, સહકારી મંડળીઓને, સ્વતંત્ર સેનાનીને, નશાબંધીથી મુકત થનાર વ્યકિતને, ખેતીવાડી સ્નાતક, લશ્કરમાં કામ કરતા આ પ્રકારના લોકોને સાંથણીની જમીન આપવાની પ્રક્રિયામાં પ્રાથમિકતા આપવામાં આવે છ.
- બીજી એક મહત્વની વાત તેના નામ સંદર્ભે છે, મળેલ જમીનમાં પતિને પત્નીનું નામ ફરજિયાત નોંધાવવાનું હોય છે. આમ, એ માહિતી આપવામાં આવી હતી કે, કયારે પણ આ પ્રક્રિયા થાય ત્યારે કલેકટરને પણ ફરજ પાડવી જોઇએ કે તે ધ્યાન રાખે કે જે જમીન મળે છે તેમાં પત્નીનું નામ પણ સામેલ હોય. ***આ માટે ૬-૬-૨૦૦૩નો સરકારી ઠરાવ છે કે, સરકારી જમીન ખેતી લાયક/બિન ખેતી હેતુ માટે કોઇ પણ વ્યકિત દ્વારા માંગણી થાય અને મંજૂર કરવામાં આવે તો પતિ-પત્નીના નામે ગ્રાન્ટ કરવી, સનદ સંયુકત નામે કરવી.***
- સહભાગીઓમાંથી આવેલ અનુભવ અને માહિતી દ્વારા બહાર આવ્યું કે, કચ્છમાં ૨૦૦૫થી મારગ સંસ્થા દ્વારા માલધારીઓને સાથે રહી ઘણી અરજીઓ કરવામાં આવી છે. તથા રાપરમાં વૃક્ષ ઉત્પાદન મંડળી દ્વારા જમીન માંગણીની પણ વાત કરવામાં આવી. જેના પ્રત્યુતરમાં જયેશભાઇએ જણાવ્યું કે, આ માટે સાંથણીની જમીન નથી અપાતી પણ ભાડાપેટે આપવામાં આવે છે. જેનો જી.આર. ૨૦૧૦નો છે.
- કોર્ટ કેસને લીધે હાલ સાંથણીની જમીન આપવાની પ્રક્રિયા થઇ નથી તેવું તેમણે જણાવ્યું હતુ.
- સાંથણીની જમીન મહિલાઓને મળે તે માટે સુઝાવ આપ્યો કે, ૧૦થી૧૧ મહિલાઓની એક મંડળી બનાવવામાં આવે અને તે જમીન માંગણીની અરજી અલગ અલગ કચેરીમાં કરે. પરંતુ પાંચ કિ.મી.ની મર્યાદા જાવળવવાની શરતે. આમ, જમીન મળી શકે એવું તેમણે જણાવ્યું હતુ.

**વારસાઇની જમીન**

- વડીલોપર્જીત દરેક જમીન સંતાનોના નામે થઇ શકે જયારે સ્વ-પાર્જીત જમીનની વારસાઇ જે તે વ્યકિત ઇચ્છે તેને આપી શકે છે. ડાંગ વિસ્તારમાં

## ૨. મુખ્યમંત્રી શ્રી આનંદીબહેન સાથે મુલાકાતઃ

મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલને પણ સામુદાયિક જમીન બાબતે ૨૧ ઓગસ્ટ ૨૦૧૪ના રોજ રૂબરૂ મુલાકાત કરવામાં આવી હતી. જેમાં સાગબારાથી નવજીવન આદિવાસી મહિલા વિકાસ મંચ, રાપર એકલનારી શકિત સંગઠનના પ્રતિનિધી અને સંસ્થાના કાર્યકરો સહભાગી બન્યા હતા.

જેમાં નવજીવન આદિવાસી મહિલા વિકાસ મંચને સાગબારા માં જ શોપીંગ સેન્ટરમાં ભાડા પેટે આપેલ શોપીંગ સેન્ટર સંગઠનને તેના નામે જ કાર્યવાહી કરાવવાની દરખાસ્ત કરવામાં આવી. જેના પ્રત્યુતરમાં આ બાબતને વિચારણામાં લેવાશે એમ કહ્યુ હતું. તથા વૃક્ષ ઉત્પાદક મંડળી- રાપરે પણ પોતાની સામુદાયિક જમીનની માંગણી બાબતે વાત કરી હતી.

## ૩. હિતેશભાઇ જોષી - સેકશન અધિકારી

સૌ પ્રથમ હિતેશભાઇને ગુજરાતમાં ચાલતા મહિલા સંગઠનોની સામુદાયિક જમીન મેળવવાની પક્રિયા બાબતે અવતગ કરાયા. અને જે મુશ્કેલીઓ તથા પ્રશ્નો આવે છે તે બાબતે ચર્ચા કરવી. આ પ્રક્રિયાને સમજવામાં આવી. જેમાં મુખ્ય મહત્વના મુદા નીચે પ્રસ્તુત કરવામાં આવ્યા છે. રજીસ્ટર મંડળી હોય તેને ઓફિસ કમ ગોડાઉન માટે જમીન મળી શકે એવું કહ્યુ. જેનો ઉલ્લેખ ૯-૯-૨૦૦૩ જી.આર. માં છે.

- સામાજીક પ્રવૃતિઓ કરતી હોય  તેવા રજીસ્ટર ટ્રસ્ટને પણ જમીન મળી શકે.
- જમીન આઇડાઇન્ટી કરી અરજી સાથે સરકારી પડતર જમીનના ૭-૧૨ અને ૮-અ ની નકલ સાથે જોડવા.
- તે જમીન પર અગર દબાણ હોય તો એ કલેકટર દ્વારા દુર કરાવવાનું કહેવામાં આવે છે. આ દબાણ દુર કરવાની જવાબદારી મામલતદારની છે.

- આ માટે ચેકલીસ્ટને ધ્યાનમાં રાખીને પ્રપોઝલ બનાવવામાં આવે છે જેની નિશ્ચિત કોઇ સમય મર્યાદા નથી તેવું હિતેશભાઇ એ જણાવ્યુ.
- સરકારી પડતર જમીન માટે બજારકિંમત પ્રમાણે થાય છે. આ માટે કમિટી છે જેને ડેપ્યુટી ટાઉન પ્લાનર કમિટી. કહે છે. આ કમિટી આ નકકી કરે છે. આ સમિતિમાં ૨૯-૪-૧૧નો ઠરાવ છે જેમાં દરેક માપદંડો લખેલા છે.
- ડી.ટી.પી. પછી રાજયસ્તરની કમિટી ફાઇનલ બજારભાવ નકકી કરે છે. આ કમિટીને એસ.એલ.વી.સી. કહેવાય છે.
- બજારભાવ સંદર્ભે હિતેશભાઇએ જણાવ્યુ કે, સરકારની કિંમત વધારે હોય છે. ઉપરાંત અન્ય બાબતો પણ છે કે જેમકે, નવી સનદની હોય છે તેને વેંચી ન શકો. એ સ્પષ્ટતા કરી.
- જમીનના ઉપયોગના ઉદેશને લઇને કોઇ રકમમાં ફેરફાર થતા નથી. પણ અગર કોઇ ખુબ ભાવ લાગ્યા અને તે બજારભાવે નથી તો તે માટે અપીલમાં જઇ શકાય.
- નિયત નમુનાની જરૂર નથી, પણ અગર મામલતદાર કહે છે, તો તેને માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત માહિતી મેળવી લ્યો.

**વૃક્ષઉત્પાદક મંડળીની જમીન લેવાના અનુસંધાનમાં વાત કરવામાં આવી માં નીચે પ્રમાણેની માહિતી મળી.**

- સરકારી પડતર જમીન પર ખેતી માટેની જમીન માટે વાત કરતા હિતેશભાઇ જણાવ્યુ કે, સરકાર ખેતી માટે જમીન આપતી નથી, પરંતુ એક જ રીતે આપે છે જેને 'સાંથણી' કહેવાય છે. જે અન્વયે લેન્ડ કચેરી ભરાય તો જમીન મળે.હાલ ખાસ ખેતી માટે કોઇ એવી જમીનો નથી અને તેથી જ લેન્ડ કચેરી ખુબ ઓછી ભરાય છે.

આ ઉપરાંત, ગ્રામપંચાયત પાસેથી જમીન લેવાના સંદર્ભમાં ઘરથાળના પ્લોટ બાબતે વાત કરી કે તેના માટે શી પ્રક્રિયા છે તો જણાવ્યુ કે, તે પંચાયતની માલિકીમાં છે. તેના માટે વધારે માહિતી ઘ-શાખામાં મળી શકશે.

સમગ્ર ચર્ચાને અંતે સરકારી પ્રક્રિયાને કઇ રીતે સરળ કરી શકાય તે માટે તેમના સુઝાવ માંગવામાં આવ્યા જેમાં હિતેશભાઇએ જણાવ્યુ કે,

- હિતેશભાઇએ જણાવ્યુ કે એવું કોઇ સ્કોપ નથી. પરંતુ અગર મુખ્યમંત્રી સાથે આ જ ઉદેશ્યને લઇને બેઠક કરવામાં આવે અને તેમને કન્વેન્સ કરવામાં આવે તો કોઇ હકારાત્મક પરિણામ મળે. જેમ માનનીય મુખ્યમંત્રી એ દુધ મંડળીઓ માટે જગ્યાની વાત કરી છે. તેમ તેમના ઇનીસીએટીવ થઇ શકે.
- અંતમાં તેમણે કહ્યુ કે, આપના સંગઠનો જે પ્રક્રિયા કરી રહ્યા છે તે બરાબર છે. માત્ર અરજીની સાથે સરકારી પડતર જમીનના ૭-૧૨ અને ૮-અ ની નકલ જોડવાની હોય છે. ત્યારબાદ તેનું પંચનામા થી લઇને બજારભાવ કરાવવાની જવાબદારી સરકારની (મામલતદાર કચેરીની) છે. પ્રપોઝલ તૈયાર થશે પછી ગાંધીનગર મારી પાસે આવશે અને તેને ફાઇનલ કરવામાં આવશે.

આમ, સરકારી પડતર જમીન અધિકારના સંદર્ભમાં સમગ્ર જમીન માંગણીની પ્રક્રિયાને સમજવામાં આવી. જેમાં અરજીની સાથે પસંદ કરાયેલ જે-તે સરકારી જમીનના ૭-૧૨અને ૮-અ ના નમુના જોડવાના હોય છે. તે બાબત મુખ્ય હતી સાથે જે તે જમીનના બજારભાવ નકકી થાય છે. અને તેની સંમતિ થયા બાદ તે પ્રપોઝલને કલેકટર દ્વારા ગાંધીનગર મોકલવામાં આવે છે.

ઉપરોકત પ્રક્રિયાને અંતે વિવિધ સંગઠનોએ વિવિધ પ્રક્રિયા હાથ ધરી હતી. અને જમીન મેળવવાની પ્રક્રિયાને વેગ મળે તે માટેના પ્રયાસો કર્યા હતા.

# સંગઠનની ઓફિસ મેળવવા માટે મહિલા સંગઠનોએ કરેલ પ્રક્રિયા અને તેમના અનુભવોનું દસ્તાવેજીકરણ....

૨૦૦૩થી શરૂ થયેલ સ્ત્રી અને જમીન માલિકીનાં કાર્યકારી જૂથના મુખ્ય ઉદેશ્ય એ હતાં કે, ગુજરાત સરકારના પ્રવર્તમાન કાયદાઓનું અમલીકરણ કરીને સ્ત્રીઓની જમીન માલિકી વધે, બીજું ગુજરાત સરકારનાં જે કાયદા સ્ત્રીઓને તેમના નામની જમીનની માલિકી મેળવવામાં અડચણરૂપ બને છે તેવા કાયદામાં સુધાર માટે દરમ્યાનગીરીનાં પ્રયત્નો હાથ ધરવા તથા ત્રીજું, સ્ત્રી અને જમીન માલિકીનો મુદો મુખ્ય પ્રવાહમાં લાવવાં માટે સરકારી, બિનસરકારી સંસ્થાઓ/ વ્યકિતઓ અને મિડીયાને પ્રચાર માધ્યમોને પ્રભાવિત કરવા.

ઉપરોકત ઉદેશ્યનાં અનુસંધાને જમીન માલિકીની વાત કરીએ તો, વ્યકિતગત માલિકી, સરકારી પડતર જમીન અને ખેડવાલાયક જમીન એમ ત્રણેયનો સમાવેશ થાય છે. અહીં સામુદાયિક જમીનની વાત કરવી છે કે જે સરકારી પડતર જમીન માટે સરકાર ચોકકસ નીતિનિયમો, માપદંડોને આધારે સમગ્ર જૂથ, સમુદાય, સમુહને સરકારી પડતર જમીન આપતી હોય છે. આ બાબતને લઈને સરકાર દ્વારા સમયાંતરે સરકારી ઠરાવો ચોકકસ વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને બદલાવની સાથે જાહેર થતાં હોય છે. આ જ પ્રકારના સરકારી પડતર માટે જે મહિલા સંસ્થાઓ, મહિલા સંગઠનોએ સરકારી પડતર જમીન મેળવવા પ્રયાસ કર્યા છે અને આખરે તેમને સફળતા પણ મળી છે. એવા કિસ્સાઓનું દસ્તાવેજીકરણ અહીં કરવામાં આવ્યું છે. આ અહેવાલના મુખ્ય ઉદેશ્ય નીચે મુજબનાં હતા.

## ઉદેશ્યોઃ

- મહિલા સંસ્થા, સંગઠનોને સરકારી પડતર જમીન મેળવવાની પ્રક્રિયાની માહિતી મળે.
- સરકાર સાથે સંકલન અસરકારક પદ્ધતિ સ્પષ્ટ થાય.
- સરકારી પડતર જમીન મેળવવા કયાં પ્રકારની કાયદાકીય અડચણો આવી શકે છે તેની માહિતી સ્પષ્ટ થાય.
- મહિલા સંગઠનોને સરકારી પડતર જમીન મેળવવા સામાજીક, રાજકીય પરિબળોનો સામનો કરવો પડે છે તેની બાબત સ્પષ્ટ થાય.

## પદ્ધતિઃ

જે મહિલા સંગઠનો અને સંસ્થાઓને સરકારી પડતર જમીન તાલીમકેન્દ્ર, ઓફિસ વગેરેના ઉદેશ્યની બનાવવા માટે જે સંગઠનો -સંસ્થાઓ છે તેમની યાદી બનાવવામાં આવી.

યાદી તૈયાર થતા જે- તે સંગઠનો અને સંસ્થાઓ સાથે સંપર્ક કરી વધુ માહિતી મેળવવામાં આવી.

યાદી અને સંકલનને અંતે ફાઈનલ સંગઠન-સંસ્થાના નામ નકકી કરવામાં આવ્યા અને રૂબરૂ મુલાકાત લેવામાં આવી.

મુલાકાત દરમ્યાન સરકારી પડતર જમીન લેવાની પ્રક્રિયામાં જોડાયેલ કાર્યકરો સાથે બેઠક, દસ્તાવેજોનું અભ્યાસ કરવામાં આવ્યો.

**ઉપરોકત બાબતોને કેન્દ્રમાં રાખીને બે મહિલા સંગઠનોનો અભ્યાસ કરવામાં આવ્યું.**

**૧.** શ્રી નવજીવન આદિવાસી મહિલા વિકાસ મંચ

૨. ઉજાસ મહિલા વિકાસ સંગઠન

સરકાર તરફથી માલિકીની જમીન મેળવીને તેના પર બાંધકામની પ્રક્રિયા તથા સરકાર તરફથી કરાર પર મળેલ જગ્યાની પ્રક્રિયા એમ બે પ્રકારની પ્રક્રિયાઓની એક બહોળી સમજ આપણને અહીં મળશે.

## શ્રી નવજીવન આદિવાસી મહિલા વિકાસ મંચ

ગુજરાતના દક્ષિણ વિસ્તાર કે જયાં આદિવાસી સમુદાયની વસ્તી બહોળા પ્રમાણમાં છે એ વિસ્તારમાં આગાખાન રૂરલ સંસ્થાન આદિવાસીઓના વિકાસાર્થે કાર્ય કરી રહી છે. જેમાં કુદરતી સંસાધનોનું સંવર્ધન, મહિલા વિકાસ, ખેતી અને પશુપાલન જેવા પરંપરાગત વ્યવસાયોનું સંવર્ધન, આજીવિકા જેવા મુદા પર ઉંડાણપૂર્વક કાર્ય કરી રહી છે.

આ કાર્યના ભાગરૂપે મહિલા સંગઠનોનો પણ ઉભાં કરવામાં આવ્યા છે અને જે હાલ વિસ્તારના વિકાસ અને અધિકારના મુદ્દે કાર્ય કરી રહ્યા છે. એવાં જ મહિલા સંગઠન સાગબારા વિસ્તારમાં છે. જેનું નામ શ્રી નવજીવન આદિવાસી મહિલા વિકાસ મંચ છે.

આ સંગઠનની શરૂઆત ૨૦૦૦ થી થઇ છે પણ તેની નોંધણી ૨૦૦૪માં થયેલ છે. **સંગઠન રજીસ્ટર નંબર** : એફ/૨૫૯/નર્મદા અને ગુજ./૨૧૪/નર્મદા (સોસાયટી એકટ)

### સંગઠનની મુખ્ય પ્રવૃતિઃ

આ મહિલા મંચ બહેનોના વિકાસ અને અધિકારને કેન્દ્રમાં રાખીને વિવિધ પ્રવૃતિઓ કરે છે. આજીવિકા,બચત-ધિરાણ, સ્ત્રી હિંસા વિરોધી,કુદરતી સંસાધનોનાં સંદર્ભમાં કાર્યક્રમો ઘડીને મહિલા વિકાસ અનેન તેના અધિકાર બાબતે અસરકારક કાર્ય કરી રહ્યુ છે. આ કાર્યને અમલી બનાવવા મંચ સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ, નેટવર્ક વગેરેની સાથે સંકલન કરીને કાર્ય કરે છે.

**જમીનની જરૂરિયાતઃ** તાલુકા સ્તરે સંગઠનના સભાસદ સભ્યોને તાલીમ આપવા, બહેનોની સક્ષમતા વધારવા, બહેનોના સશકિતકરણની પ્રવૃતિ કરવા, આર્થિક ઉપાર્જનની પ્રવૃતિને વેગ આપવા તથા માર્કેટીંગના ઉદેશ્યથી સંગઠનને જમીનની જરૂરિયાત છે.

**જમીન માંગણીની પ્રક્રિયાની શરૂઆતઃ**

૮ મી માર્ચ ૨૦૦૪ માં મહિલા દિવસની ઉજવણી પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા ગ્રામ વિકાસ નિયામક તથા કમિશ્નર સમક્ષ બહેનોના સંગઠનના તાલીમ કેન્દ્ર, ઓફિસ ના સંદર્ભે લેખિતમાં અરજી જમીન માટેની માંગણી કરી હતી. જેમાં હકારાત્મક જવાબ મળ્યો. તથા મહિલા સંગઠનને આજુબાજુની જમીન જોવાનું પણ કહેવાનું સૂચન કરવામાં આવ્યું. નીચે પ્રમાણેની માહિતી મહત્વની હતી.

૮ માર્ચના જે જમીન માટે હકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો તેના આધારે મહિલા સંગઠને તેને અનુકુળ હોય એવી સરકારી જમીન જોવાનું શરૂ કર્યુ. જેમાં નીચે પ્રમાણેની બાબતો બહાર આવી.

**જગ્યા પસંદગીઃ**

- સેલંબાની બાજુનું ગામ થનસેરા ગામની જમીન બતાવી. આ સંગઠન માટે અનુકુળ હતી પરંતુ ગામના લોકો એ જગ્યા પર 'હોળી' પ્રગટાવતા હતા તેથી ગામના લોકોએ જ વિરોધ કર્યો. આ વિરોધને સમજતા અને લોકોની લાગણી ન દુભાય તે માટે સંગઠને તે જગ્યા પસંદ કરી નહી.
- તાલુકા વિકાસ અધિકારીએ તાલુકા પંચાયતમાં જાહેરમાં સૂચના આપી કે, નવજીવન આદિવાસી વિકાસ મંચને સાગબારામાં જ અનુકુળ હોય એવી જમીન બતાવે. તેના આધારે જયાં 'પંચવટી'બનાવવાનું આયોજન હતુ તે જગ્યા જ બતાવી. આ જગ્યા મહિલા મંચને અનુકુળ હતી. તેથી જ તેને ફાઈનલ કરવામાં આવ્યું.
- મંચને માત્ર ઓફિસ અને ગોડાઉનની માંગ હતી. પરંતુ ટી.ડી.ઓ. એ જ શોપિંગ સેન્ટરનો વિચાર આપ્યો. આ વિચારથી મંચને પણ લાગ્યું કે, ઘણી બહેનોને આજીવિકા સાથે જોડી શકાશે. તાલુકા સ્તર પર જ શોપિંગ સેન્ટર બનવાથી બજારવ્યવસ્થાની રીતે પણ ફાયદાકારક છે એવું તેમને લાગ્યું. આ વિચારને તેમણે સ્વીકાર્યો.
- શોપિંગ સેન્ટરના આયોજન અને તેની અસરોને મહિલા મંચ વધારે સારી રીતે સમજી શકે તે માટે ટી.ડી.ઓ.નાં જ સૂચનથી ગવાલી (મહારાષ્ટ્ર)ની મુલાકાતે આ મંચ ગયું અને સંપૂર્ણ તેની સમજ મેળવી.
- તાલુકાપંચાયત અને નવજીવન આદિવાસી મહિલા વિકાસ મંચ વચ્ચે ચોકકસ શરતો અને નિયમો માટે કરાર કરવામાં આવ્યાં. આ કરારમાં જગ્યાં પરનાં બાંધકામથી લઇને તેની જાળવણી, દેખરેખ,માલિકી દરેક સંદર્ભે સ્પષ્ટતાઓ કરવામાં આવી હતી.

**બાંધકામ અને મોનીટરીંગઃ**

- શોપિંગ સેન્ટરનાં બાંધકામ ખર્ચ મહિલા મંચના અકાઉન્ટમાં જ જમા કરાવવાનું નકકી થયુ હતુ. તેથી ૩ લાખ બાંધકામ જમ થઇ ગયા.
- આ ઉપરાંત જે રકમ ખૂટી તે માટે મહિલા મંચે સંગઠનનાં સભ્યો પાસેથી લોકફાળાનાં સ્વરૂપમાં મેળવ્યાં.
- બાંધકામ દરમ્યાન કામની ગુણવતા અને સમયસૂચકતાને ચકાસવા તથા સંગઠનનાં સભ્યોને શોપિંગ સેન્ટર પોતાની માલિકીનું છે એવો અહેસાસ થાય તે માટે બે-બે. સભ્ય બહેનો મોનીટરીંગ માટે આવતા.

- જે સભ્યો મોનીટરીંગ માટે નકકી થયાં હતાં તેમને તકનીકી અને બાંધકામલક્ષી માહિતીથી વાકેફ કરવા તાલીમ આપવામાં આવી હતી.
- મંચના પ્રમુખ જણાવ્યું કે, અમને માહિતી ન હતી કે બાંધકામની શરૂઆત માટે તાલુકાને જાણ કરવી. એમણે તો પાયો નખાવવાની જાણ ટી.ડી.ઓ.ને કરી. આ પ્રક્રિયાથી તાલુકા પંચાયતને એવો અહેસાસ થયો કે અમને જાણ કર્યા વિના જ બધુ કરે છે. એ જ બાબતે સંગઠનનાં સભ્ય સાથે તાલુકા પંચાયતથી ઠપકો આપવામાં આવ્યો. આ બાબતને શીખ સમજી મંચતો આગળની કામગીરી કરવા ઉત્સાહથી શરૂઆત કરી.
- મંચના મંત્રી ઉષાબહેન કહે છે કે, ‘‘લગભગ દરરોજ કોઇને કોઇ બાબતે અમને ઠપકો મળતો. એટલે સુધી કે અમે રડી પણ લેતા... અમારા પર દબાણ થતું અને કહેતાં કે આ બાંધકામ તમે નહીં કરાવી શકો.’’
- આમ છતાંય હિંમત, આત્મવિશ્વાસ અને ધીરજથી શોપિંગ સેન્ટરનું બાંધકામ કોઇપણ ભ્રષ્ટાચાર વગર જે ગ્રાન્ટ આવી હતી તેને તે જ શોપિંગ સેન્ટરમાં જ ખર્ચવામાં આવી.
- ૨૦૦૫ માં આ શોપિંગ સેન્ટર તૈયાર થઇ ગયું. અને ૨૦૦૭માં ઉદઘાટન કરવામાં આવ્યું.

**શોપિંગ સેન્ટર બન્યાં પછીનાં અનુભવો....**

- મંચનાં પ્રમુખ અને મંત્રી કહે છે કે, ‘‘૨૦૦૮ થી વિરોધ શરૂ થઇ ગયું. દર મહીને કરારમાં સહી કરાવવામાં બહુ જ પરેશાન કરે. દરેક દસ્તાવેજને તૈયાર કરી ફાઇલ લઇ જઇએ તો પણ સાહેબ નથી, સમય નથી પછી આવજો એમ કહીને કરાર પર સહી કરવામાં સમય કાઢી અમને હેરાન કરતાં.’’
- આ સાથે તાલુકા સ્થળ પર જ જાહેરમાં આ જગ્યા મોકાની હોવાથી દરેકને એ જગ્યા પર કબ્જો કરવાનો મોહ-લાલચ જન્મી. ખાસ કરીને રાજકારણીઓ. લોકસંપર્કના કાર્યાલય કે પ્રાઇવેટ દુકાનો તેમને મળે તે માટે એક યા બીજી રીતે મંચને પરેશાન કરતાં. સીધી રીતે ન કહીને તાલુકા પંચાયતનાં માધ્યથી કનડગત કરતાં. જેમકે, આ શોપિંગ સેન્ટર સખી મંડળ માટે છે. તેથી વિસ્તારનાં કોઇ પણ સખીમંડળને આ દુકાનનો ઉપયોગ કરી શકે એવું તેઓ કહેતાં.
- મંચના પ્રમુખ અને મંત્રીનું કહેવું છે કે, સખીમંડળને ચોકકસ જગ્યાં આપીએ અને એ પણ બહેનોનાં વિકાસનાં મુદા પર જ કાર્ય કરે છે. આ માટે મુખ્ય બે બાબતો ધ્યાન ખેંચે તેવી હતી.
  - o જયારે તાલુકા પંચાયત અને નવજીવન મહિલા આદિવાસી વિકાસ મંચ વચ્ચે સમજૂતિ કરાર થયાં ત્યારે સખીમંડળનું અસ્તિત્વ હતું જ નહીં અને તેથી જ કરારમાં કોઇ જ સખીમંડળનો ઉલ્લેખ નથી.
  - o કરાર પ્રમાણે કોઇપણ મંડળને શોપિંગ સેન્ટરનો ઉપયોગ કરવો હોય તો મંચની સાથે તે મંડળનાં કરાર બને અને તેની શરતોનું પાલન ફરજિયાત છે.
  - o સખીમંડળનાં નામ પર ભાઇઓ દુકાન ચલાવે છે એવા કિસ્સાઓ સાગબારામાં જ વધારે બને છે અને તેથી જ કોઇપણ ભાઇઓને આપવાની મનાઇને અન્ય આગેવાનો, રાજકારણીઓ ઉશ્કેરાતાં હતા એવું પ્રમુખ અને મંત્રીનું માનવું છે.

- કરાર પ્રમાણે મંચને ૧૦૦ રૂપિયા ટોકન ભાડુ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ તાલુકા પંચાયતથી પાછળથી આ ભાડું વધારવા માટે વારંવાર કહેવામાં આવતું જયારે કરારમાં એવો કોઇ જ ઉલ્લેખ ન હતો કે ભાડાની રકમ વધારી આપવી.
- આ રીતે પ્રત્યક્ષ-પરોક્ષ રીતે મંચને તાલુકાપંચાયતથી શોપિંગ સેન્ટર બાબતે વિવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો. આ બાબતને લઇને ખોટી કનડગત ન થાય અને મહિલા મંચ જે મહિલા વિકાસની પ્રવૃતિ કરવા માંગે છે તે બરાબર કરી શકે તે માટે વિવિધ સ્તરે લેખિત-મૌખિક રજુઆતો કરવામાં આવી. જેનાં ભાગરૂપે, ૨૦૦૯માં મુખ્યમંત્રી શ્રીને પત્ર લખી જાણ કરવામાં આવી કે સંગઠનને વિવિધ રીતે તેની વિકાસની પ્રક્રિયા કરવામાં કનડગત થઇ રહી છે. જેની નોંધ લેવી અને આ હાટ નવજીવન આદિવાસી મહિલા વિકાસ મંચ ના નામે કાયમી ધોરણે થાય એવી માંગણી કરવામાં આવી. મુખ્યમંત્રીને કરેલા લેખિત અરજીમાં કોઇ જ પ્રત્યુતર બહેનોને મળ્યો નહી.
- આ બાબતે છેલ્લે સપ્ટેમ્બર ૨૦૧૪માં પણ મુખ્યમંત્રીને રૂબરૂ મળીને પણ મંચે પોતાની માંગણી રજૂ કરી હતી. જેમાં શોપિંગ સેન્ટર નવજીવન મહિલા આદિવાસી વિકાસ મંચની માલિકીનું કરી આપવામાં આવે. આ રજુઆત સાંભળ્યા બાદ પણ કોઇ જ પ્રત્યુતર બહેનોને મુખ્યમંત્રી તરફથી મળ્યો નહી.

**...........આખરે મંચે પોતાની બચતમાંથી જમીન ખરીદી....**

- ઉપરોકત દર્શાવેલ પ્રશ્નોથી કંટાળીને મંચના સભ્યોને અહેસાસ થયો કે, મંચ પાસે પોતાની જમીન હોત તો કોઇપણ પરેશાન કરી શકત નહી. તેથી હવે મંચને ગમે તેમ કરીને પોતાની જમીન ખરીદી લેવી જોઇએ.
- આ વિચારને ધ્યાને રાખીને અગર જમીન મંચ ખરીદે તો બાંધકામ માટે કોઇ નાણાકીય સહાય મળે કે નહી તે જાણવાં માટે મંચના સભ્યો ડી.આર.ડી.એ. ના અધિકારી સાથે પોતાનો વિચાર રજૂ કર્યો. આ બાબતે તેમને જવાબ મળ્યો કે, મંચ પાસે માલિકીની જમીન હશે તો બી.આર.જી.એફ. થી ગ્રાન્ટ મળી શકશે.
- આ જ આશાથી મહિલા મંચના દરેક સભ્યો એકત્રિત થયાં ૨૦૧૦માં સંગઠને તાત્કાલિક તેમના જુથો પાસેથી લોન પેટે રકમ લઇને પાંચ જ દિવસમાં સાગબારાની નજીક જ સેલંબામાં બે પ્લોટો ૩,૧૨, ૦૦૦ રૂપિયામાં ખરીદ્યા.
- આ જમીન પરના બાંધકામ માટે મિશન મંગલમ, બી.આર.જી.એફ. વગેરે વિભાગો પાસેથી નાણાની માંગણી કરેલ છે. પરંતુ કોઇ જવાબ આવેલ નથી.
- મિશન મંગલમમાં તાલીમ કેન્દ્રની જોગવાઇ હોય છે ફરી કલેકટર બદલી ગયા તેથી આગળ વધ્યું નહી.
- ધારાસભ્યએ બાંધકામ માટે નાણા આપશે એવું કહેતો સંગઠને ૨૯ લાખનું એસ્ટીમેટ બનાવી, ધારાસભ્યને આપ્યું. પરંતુ તેમણે કશું કર્યુ નહી. અને સંગઠનને પણ એવો અહેસાસ થયો કે કોઇ રાજકીય પક્ષ પાસેથી પૈસા લેવા નથી. આપણે સ્વતંત્ર વિચારોથી, સિદ્ધાન્તોથી કાર્ય કરી શકીએ તે માટે કોઇનું દબાણ ન જોઇએ.

આમ, છતા મુળ શોપિંગ સેન્ટર પર કોઇ શાંત વાતાવરણ બની શકયું નહી. ફરી નવી રીતે પરેશાન કર્યા. જેમાં

- ૨૦૧૩ માં મંચને ‘ઘરવેરો’ ભરેલ નથી એવી નોટિશ આવી. અને ૯૦,૦૦૦ની આસપાસની રકમ ભરવાનું કહેવામાં આવ્યું.
- સંગઠનની બહેનોએ તે નોટીસને વકીલને બતાવીને તેનો અભ્યાસ કર્યો. જેમાં તેઓ સ્પષ્ટ થતય અમને સંગઠનની પાવતી આપવાનું કહેવામાં આવ્યા. પછી વકીલને મળીને ચર્ચા કરી. અને ડી.આર.ડી.એ.માં ઘરવેરાની બાબત મુકી. સંગઠને માંગણી મુકી કે, અગર સંગઠનના નામની પાવતી મળે તો અમે ઘરેવેરો ભરીએ. ત્યારે અધિકારીએ સમગ્ર બાબતને ચકાસી. તાલુકાસ્તરે જાણ કરવામાં આવી કે આ ઘરવેરાના ઠરાવને રદ કરે.

**સંગઠનનું આયોજન :**

સેલંબામાં લીધેલ જમીન પરના બાંધકામ માટે મિશન મંગલમ, ડી.આર.ડી.એ. તથા બી.આર.જી.એફ. માં સંકલન કરવું.

**સંગઠનની તાકાતઃ**

- વારંવારનાં દબાણ અને પરેશાનીને કારણે સંગઠનની બહેનો વધારે મજબૂત બની છે.
- સરકાર સાથે અસરકારક સંકલન
- જમીન અને અન્ય કાયદાકીય મુદાની સચોટ માહિતી સભર બન્યાં છે.
- સંગઠનનાં સભ્યોમાં વિશ્વાસ અને એકતાની ભાવના
- સંગઠનનાં લક્ષ્યને જ કેન્દ્રમાં રાખીને દરેક કાર્યક્રમો ઘડવા અને અમલીકરણ

**(૪) ઉજાસ મહિલા વિકાસ સંગઠન :**

આ સંગઠનની શરૂઆત ૧૯૮૯ થી મહિલાઓના સામાજીક, આર્થિક અને રાજકીય સશકિતકરણના હેતુસર કરવામા આવી છે. ટ્રસ્ટ સોસાયટીમાં તેની નોંધણી કરવામાં આવી છે. હાલમાં આ સંગઠન સાથે 7000 બહેનો જોડાયેલી છે. હાલમાં ખેતી, પશુપાલન, બચત ધિરાણ, સ્ત્રી હિંસા, પર્યાવરણ, આરોગ્ય, પંચાયત અને જમીન માલિકી જેવા મુદાઓને લઇને સંગઠનમાં વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે.

**જમીન માંગણીનો હેતુઃ**

ગ્રામ્યસ્તરે અને તાલુકા સ્તરે એમ બે રીતે આ સંગઠને સરકાર પાસેથી જમીન લેવાની પ્રક્રિયા કરેલ છે.

૧. ૧૯૯૩ આ સંગઠનને ગ્રામ્યસ્તરે અસરકારક સંબંધ સ્થાપવાા તથા કાર્ય કરવા માટે કેન્દ્રોની સ્થાપના કરી હતી. આ કેન્દ્રો ૧. ફાચરીયા, ૨. હટડી, ૩. વિરાણીયા અને બરાયા ગામમાં હતા. તેમની ઓફિસ માટે ગ્રામ પંચાયત પાસે જમીનની માંગણી કરી હતી.

૨. મુન્દ્રા તાલુકા મથક માં સંગઠનની ઓફિસ માટે જમીનની માંગણી કરી હતી.

**જમીન મેળવવા માટેની પ્રક્રિયાઃ**

પંચાયત પોતાના ગળથારના પોતાના ગળથારના પ્લોટ માટે જમીન ફાળવી શકે છે તેથી ચારેય ગ્રામપંચાયતોમાં કેન્દ્ર માટે લેખિત અરજી કરવામાં આવી. તે સમયે જંત્રીના ભાવ ૩ રૂ. લેખે હતા. જે ભર્યા હતા. અને દરેક પંચાયતે જમીન આપી. આ માટે ગ્રામસભામાં ઠરાવ કરી પંચાયતે ઠરાવ કર્યો હતો. કે જેથી પંચાયત બદલાય તો પણ ગ્રામસભાનો ઠરાવ હોતા માન્ય ગણાય.

**તાલુકા સ્તરે**

- ઉજાસ સંગઠન રજીસ્ટ્રેશન કરેલ ન હતુ તેથી કચ્છ મહિલા વિકાસ સંગઠનના નામે જમીનની માંગણી કરી હતી.
- ૨૦૦૨માં સંગઠનની ઓફિસ માટે મુન્દ્રા પંચાયતમાં લેખિતમાં અરજી કરી.
- સીમતળની જમીનમાંથી ૧૪૧ પૈકી (૫૦૦ ચો.મી. ) જમીન પસંદ કરી.
- સર્કલ સાથે રહી સરકારી પડતર જમીનનું પંચનામુ કરાવવામાં આવ્યું.
- દરખાસ્ત તૈયાર કરવામાં આવી. જેમાં પંચનામુ અને નકશાને પણ સાથે જોડવામાં આવ્યા.
- ૨૦૦૭માં જમીનની માંગણી મંજુર થઇને આવી.
- આ દરમ્યાન નવા બદલાતા મામલતદાર ને મળી ને ઓફિસ ની જગ્યા માટે સંવાદ કરતા.
- વખતોવખત અધિકારીઓ સાથે સંવાદ કરતા.
- જમીન મળી પણ તેના પણ નાણા ન હોવાને કારણે બાંધકામ કરી શકયા ન હતા.
- તેથી તેના પર દબાણ પણ અસામાજીક તત્વોએ કર્યુ હતુ. તેને બંદ કરાવવા બોર્ડ મુકી આવ્યા હતા. અને બ્રાઉન્ડરી બનાવી.
- ૨૦૧૪માં જયારે બાંધકામની શરૂઆત કરવાની થઇ ત્યારે જમીનને ટ્રાન્સફર નથી કરાવી એવી માહિતી મળી.
- ૭ વર્ષનું મહેસુલીવેરો ભરવામાં આવ્યો અને મામલતદારમાં જઇને જમીન ને રેગ્યુલરાઇઝ કરાવી. અને બાંધકામ શરૂ કર્યુ.

| **પ્રશ્નો** | **સંગઠનની તાકાત** | **શીખ** |
|---|---|---|
| • સરકારી અધિકારીનો વારંવારની બદલી.<br>• દસ્તાવેજો તૈયાર કરવા<br>• જમીન ફાળવળી બાદ રેકોર્ડ પર લાવવી<br>• ૨૦૧૦ સુધીમાં બાંધકામ કરવાનું | • વારંવારનું ફોલોઅપ<br>• દબાણ થયુ તો તેની સામે લડી, બોર્ડ લગાવ્યુ.<br>• તલાટી સાથે અસરકારક સંકલન<br>• પંચાયતના મુદ્દે કાર્ય કરતા વધારે સમજ મજબુત બની. | • પંચાયતને એ અહેસાસ કરાવવો કે ગામના વિકાસ માટે જ આ જમીન છે. તેમને આપવી જોઇએ.<br>• ચૂંટાયેલા પ્રતિનીધીઓ સાથે અસરકારક સંકલન<br>• સ્થાનિક લોકોને સાથે રાખવા<br>• ગામતળની જમીનને પ્રાથમિકતા આપવી કે જેથી લાંબી પ્રક્રિયા થતા અટકે. |

| | | |
|---|---|---|
| હતુ જે માહિતી ન હતી અને બાંધકામ ન કરી શકયા. | | • તલાટી સાથે સંકલન કરવું જોઇએ તેમની પાસે ખૂબ ઉપયોગી માહિતી હોય છે.<br>• કોઇપણ નવા અધિકારી આવે એટલે જમીનની ફાઇલ લઇને તેમની પાસે પહોંચી જવું. |

ઉજાસ સંગઠન પાસે બહોળો અનુભવ છે તેથી અગર જે સંગઠનો જમીનની આ પ્રક્રિયામાં છે તેમની સાથે કોઇ વર્કશોપ કે બેઠક રાખીને સમાન સમજ પર આવી જઇને આગળ કાર્ય કરવું જોઇએ. એવું લાગે છે.

આ ઉપરાંત તેમના દસ્તાવેજો કોપી લીધી છે જે આપણને ઉપયોગી બની શકે એમ છે.

# સ્વતંત્ર રીતે મહિલા જુથોએ કરેલ સામુદાયિક ખેતીનું નિદર્શન

મહિલા અને જમીન માલિકી કાર્યકારી જુથની સભ્ય સંસ્થાઓ કે મહિલા ખેડુતો સાથે વિવિધ પ્રવૃતિઓ કરી રહી છે તે અન્વયે મહિલા ખેડુતોની સ્વતંત્ર ઓળખ અને નવા નિદર્શનો ગુજરાતમાં ઉભરીને બહાર આવે તે હેતુથી પ્રયાસો થયાં છે. આ નિદર્શનનાં મુખ્ય ઉદેશ્ય નીચે પ્રમાણેના હતા.

- સામુદાયિક ખેતી સાથે બહેનોની ઓળખ પ્રસ્થાપિત થાય, જયાં વ્યકિતગત મહિલાઓને ખેતી માટે જમીન નથી ત્યાં સામુદાયિક ખેતી વૈકલ્પિક રીતે ઉભરીને બહાર આવે.
- સામુદાયિક ખેતી માટે નાના અને જમીન વિહોણા મહિલા ખેડુતને સરકારની જમીન ફાળવવામાં આવે. કોર્પોરેટ ફાર્મીંગમાં મહિલા જુથોને પ્રાથમિકતા આપવામાં આવે.
- સ્થાનિક વિસ્તારની જરૂરિયાત હોતા વ્યાજખોરો સામે બહેનોનું શોષણ અટકે.

સામુદાયિક ખેતીના નમૂના ઉભા કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે.

ઉપરોકત બાબતોને ધ્યાનમાં રાખીને વિવિધ સંસ્થાઓ-સંગઠનોએ સામુદાયિક ખેતીના પ્રયોગ કરેલ છે. તે સંદર્ભે તેમના અનુભવો, શીખ અને પ્રક્રિયાને અહીં દસ્તાવેજીકરણ કરવામાં આવેલ છે.

૧. આનંદી સંસ્થા પ્રેરિત મહાકાળી મંડળ - પંચ્યાસર

૨. સારથિ સંસ્થા પ્રેરિત જલારામ મહિલા મંડળ - સૂકા ટીંબા

૩. કોહેઝન સંસ્થા પ્રેરિત મેઘા વિકાસ મંડળ

## મહાકાળી મંડળનો પરિચયઃ

**પરિચયઃ**

આનંદી સંસ્થા દ્વારા પ્રેરિત દેવગઢ બારીયા નજીક પંચ્યાસર ગામમાં મહાકાળી મંડળ છે. જેમાં ગામની ૧૮ બહેનો સભ્ય છે. જેનાં પ્રમુખ ગુલીબહેન છે. બચત-ધિરાણની પ્રવૃતિની સાથે ખેતી માટે પણ વિવિધ પ્રવૃતિઓ આ મંડળ કરે છે. દર માસે બચત કરીને જરૂરિયાતના સમયે લોન આપી બહેનોને આર્થિક ટેકો મુખ્ય પ્રવૃતિ છે. આ ઉપરાંત સ્ત્રી હિંસા થતી હોય તો બહેનેને ટેકો કરવો, સજીવખેતીના પ્રયોગો, સામુદાયિક અળસીયા ખાતર બનાવવું જેવી પ્રવૃતિઓ હાથ ધરેલ છે.

**ગીરવે મુકાયેલ જમીન પર સામુદાયિક રીતે કરેલ ખેતીનો પ્રયોગઃ**

આ વિસ્તારમાં જમીન ગીરવે મુકીને પૈસા લેવાની વ્યવસ્થા ઘણા વર્ષોથી શરૂ છે. શાહુકારો, શ્રીમંતો પાસે આર્થિક જરૂરિયાતના સમયમાં જમીન ગીરવે મુકતા હોય છે. આ માટે કોઇ જ ચોકકસ નિયમો નથી. લોકોએ લોકોએ આ નિયમો બદલાય પણ એક ચોકકસ બાબત કે એમાં ગરીબ વ્યકિતનું શોષણ થાય.

- પંચાસળ ગામનુ મહાકાળી મંડળના પ્રમુખ ગુલીબહેન પાસે એક બહેન આવ્યા અને માંગણી મુકી કે, એમને ૯૦૦૦ રૂપિયાની જરૂર છે અગર મહાકાળી મંડળ તેની જમીન ગીરવે મુકીને આ પૈસા આપે તો?
- આ વિચારને મંડળની મિટીંગમાં મુકવામાં આવ્યો. પહેલી જ વખતનો આ પ્રકારનો વિચારને લઇને મંડળની દરેક બહેનો (૧૮ સભ્યો) એ આ વિચારને એટલે સ્વીકાર્યો કે, એક બહેનને જરૂરિયાતના સમયે આપણે ટેકો કરીએ. અને જમીન તેને સમયસર પાછી પણ મળી શકે. તેમને ખ્યાલ હતો કે, અન્ય જગ્યાએ અગર તે બહેન જમીન ગીરવે મુકશે તો તેને સમયસર છોડાવી શકશે નહીં.
- આ પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને બહેનોએ તેમની ઠરાવ બુકમાં જ ચોકકસ શરતો-નિયમો બનાવી બહેનની દોઢ વીઘા જમીન ૯૦૦૦ રૂપિયામાં ગીરવે મુકી.
-

**નિયમો - શરતો**

- જયારે પણ મંડળ પાસેથી બધા જ રૂપિયા પરત કરી આપે ત્યારે જમીન પાછી બહેનને આપી દેવામાં આવશે.
- અન્ય મંડળની બહેનોની જેમ ૨ ટકા વ્યાજ લેવામાં આવશે. પણ અગર સારો પાક થશે તો પાક લેવામાં આવશે નહીં.

**આ ઉપરાંત તે જમીનને કઇ રીતે મંડળને સાચવવાની તે માટે દરેકની સહમતિથી નકકી કર્યુ કે, દરેક બહેન ખેતરમાં કામ કરશે. અને જે નફો થશે તે સરખે ભાગે વહેંચી લેવામાં આવશે.**

આજુબાજુ ના બીજા લોકો પણ મહાકાળી મંડળ પાસે જમીન રાખવાનો આગ્રહ કરવા લાગ્યા. જેના પરિણામે કુંડળીયા ગામ માં પૈસા ની જરૂર હોતા ૩૦૦૦ માં જમીન ગીરવે મુકેલ. પ્રથમ તો મંડળે જ આ જમીન લીધી હતી. પણ સામુહિક રીતે દરેક નુ સમાન સહભાગિતા ન હોતા તથા જમીન પણ દુર હોતા ગુલીબહેને મંડળને બીજા વરસે પૈસા આપીને જમીન ખેડવા લઇ લીધી.

તેમણે પ્રથમ વરસે અડદ વાવેલ પણ કમોસમી વરસાદ ને કારણે પાક નો નાશ થયો પણ પશુ માટે ચારો તેમને ખુબ કામ આવ્યો.

બીજા વરસે જંગલી જાનવરના કારણે ઉત્પાદન ન મળ્યું પણ ચારો જે મળ્યો તેમાં તેમણે આપેલ પૈસા વસુલ થઇ ગયા હતા.

તેમણે તો જમીન માલિક પાસેથી પુરા પૈસા પણ વસુલ ન કર્યા. ૨૦૦૦ માં જમીન પાછી આપી દીધી.

**અનુભવઃ**

- સામુદાયિક રીતે ખેતી કરતી સમયે જે ખેતીના કામોનું ચોકકસ વિભાજન અને ભૂમિકા સ્પષ્ટ કરવી જરૂરી છે. કે જેથી સમાન કામનું સમાન વળતર દરેક સભ્યને મળે.

- ખેતી કરતા સમયે વરસાદની અનિયમિતાને ધ્યાનમાં રાખીને આયોજન કરવું જોઇએ. અગર અનાજ નથી મળતુ તો ઘાસચારો મળી રહે એ પ્રકારનું આયોજન ઉપયોગી સાબિત થાય છે.

**અસરઃ**

મહાકાળી મંડળે કોઇ કડક નિયમો વગર જમીન ગીરવે લીધી હોવાથી તે વિસ્તારના આગેવાન શ્રીમંતોને પોતાનું વર્ચસ્વ ઓછું થતુ હોય તેવું લાગ્યું. શોષણ કરનારા નિયમો જેવા કે ચોકકસ વર્ષ પછી જ જમીનને છુટી કરી શકો. વળી, અગર જમીન સારી હોય તો તેને પાછી આપવાની દાનત જ ન હોય.

એની સામે મહાકાળી મંડળે લોકો તરફી નિયમો બનાવ્યા તો મંડળની બહેનોને કહેવામાં આવ્યું કે, તમે શા માટે આ પ્રકારે જમીન ગીરવે રાખો છો ? બહેનોને ફરી આવુ ન કરવા માટે ધમકાવવામાં પણ આવતા.

## જલારામ મહિલા મંડળ - સુકા ટીમ્બા

### જલારામ મંડળનો પરિચયઃ

સારથી સંસ્થા દ્વારા પ્રેરિત આ મહિલા મંડળ પંચમહાલના સંતરામપુર તાલુકાના સુકા ટીમ્બા ગામનું મહિલા મંડળ છે. આ મંડળ મુખ્યત્વે આંતરિક ધિરાણ કરીને જરૂરિયાતના સમયે બહેનોને મદદ કરે છે. આ મંડળમાં ૧૪ સભ્યો છે.

### ગીરવે જમીન લઇને સામુહિક ખેતીનો કરેલ પ્રયોગઃ

મંડળના આગેવાન બહેન કમળાબહેનને માહિતી મળી કે, બાજુના ગામના રનેલાના સોનકીબહેનના પતિ ખૂબ બિમાર છે અને તેની સારવાર માટે તેમની પાસે પુરતા પૈસા નથી. તેથી તે શાહુકારને ત્યાં પોતાની જમીન ગીરવે મુકવાનો વિચાર કરી રહ્યા છે. આ વિસ્તારમાં ગીરવે જમીન મુકતા આર્થિક શોષણ તો થાય જ છે સાથે સાથે જમી કયારે પરત લઇ શકાશે તે માટેના પણ ચોકકસ કોઇ નિયમો હોતા નથી. શાહુકારોને મન ફાવે તેમ જ થાય છે. આ પરિસ્થિતીથી સોનકીબહેન વધારે પરેશાન થઇ જશે એ વિચારથી મંડળના આગેવાને પોતાના સભ્યો સાથે બધી વાત કરી અને મંડળે નકકી કર્યુ કે સોનકીબહેન સાથે ચર્ચા કરીએ.

સોનકીબહેન સાથે ચર્ચા કરવામાં આવી અને તેમને પ્રસ્તાવ મુકવામાં આવ્યો કે, અગર તેમને જોઇતી રકમ મંડળ આપી શકે એમ હોય તો આ જમીન મંડળ પાસે જ ગીરવે રાખો. કે જેથી સમયસર જમીન મળી પણ શકે અને વ્યાજ પણ ઓછું ભરવું પડે. સોનકી બહેનતો ખુશ થઇ ગયા. અને આ બાબતે દરેકની સર્વસંમતિ પણ મળી ગઇ.

જુથના સભ્યોને સોનકીબહેનને મદદ કરવાનો આનંદ હતો તથા સાથે સાથે સામુહિક ખેતી કરવાનો અનુભવ પણ નવો હતો. તેથી તેમણે પ્રથમ ટ્રેકટરથી ખેતર ખેડાવી લીધું. અને પછી બધા જ સભ્યોએ મહેનત કરીને દરેક પ્રક્રિયા કરી. અને પાક લીધો.

કુલ મંડળે ૭૮૦ રૂપિયાનો ખર્ચ કર્યો અને તેમણે અંગ મહેનત કરીને ૧૨ મણ ડાંગર ઉત્પન્ન કર્યુ. આ ડાંગર મંડળના જ બહેનોએ ખરીદી લીધા. અને મંડળને સીધો ૯૦૦રૂપિયાનો ફાયદો થયો.

આમ, બહેનોને ફાયદો તો થયો જ સાથે જે ડાંગર ખરીદી બહેનોએ તેમને પણ ઓછા ભાવે મળતા તેઓ પણ ડાંગર લઈ શકયા. આ રીતે દરેકને ફાયદો થયો. આ પ્રયોગ સફળ રહ્યો.

આની સાથે મંડળે ઘાસચારાના ઉત્પાદન માટે પંચાયત પાસેથી જમીન ગીરવે લીધી. ચારો સારો એવો થયો પણ ખરો પરંતુ અસામાજીક તત્વોએ એ ઘાસનું બધુ જ બાળી નાખ્યુ. આ રીતે મંડળને નુકશાન થયુ. અને તે ચોકકસ એવા સ્થાપિત લોકોનું કાવતરુ હતુ કે જે ઈચ્છતા હતા કે બહેનો આ રીતે ખેતી ન કરે. અને તેમની બરાબરીમાં ન આવે.

**અનુભવઃ**

- સામુદાયિક ખેતીથી કામ વહેંચણી થાય છે, એકબીજાનો ટેકો મળે છે. અને ફાયદો પણ થાય છે.
- મુશ્કેલી આવતા દરેક સાથે હોય છે તો તેને લડી પણ શકાય છે.
- મંડળ દ્વારા જ જમીન ગીરવે લેવાથી સુરક્ષિતતા વધી ગઈ. અને ઓછા વ્યાજે સમયસર પૈસા મળી શકયા.

## મેઘા વિકાસ મંડળ - તોરણાવેરા - નવસારી

કોહેઝન સંસ્થા મહિલા ખેડુતો સાથે વિવિધ કાર્યક્રમો ઘડીને કાર્ય કરી રહી છે. જેમાં મહિલા ખેડુતનું સંગઠન પણ બનાવવામાં આવ્યું છે જેનું નામ ઉજાસ મહિલા ખેડુત સંગઠન છે. આ સંગઠનના માધ્યમથી મહિલા ખેડુત સ્વનિર્ભર બને સાથે સાથે તેમની એક 'ખેડુત' તરીકેની ઓળખ મળે તે માટે કાર્ય કરે છે. એ જ ઉદેશ્યથી દક્ષિણ ગુજરાતમાં સામુદાયિક ખેતીના સંદર્ભે કાર્ય કરેલ છે.

### મેઘા વિકાસ મંડળ

મુખ્યત્વે આ મંડળ ઉજાસ મહિલા ખેડુત સંગઠન સાથે જોડાયેલુ છે. મંડળની બહેનો સજીવ ખેતી કરે છે. અને તેનું વેંચાણ પણ સંગઠન દ્વારા સામુહિક રીતે કરે છે.

**સામુહિક ખેતીનો પ્રયોગઃ**

નવસારી જીલ્લાના ચીખલી તાલુકાના તોરણાવેરા ગામના મેઘા વિકાસ મંડળની ૧૨ મહિલાઓ વરસાદની સીઝનમાં વ્યકિતગત ખેતી તો પહેલા કરતી જ હતી. પણ સામુદાયિક રીતે ખેતી કરવાનો પ્રયોગ તેમણે કરવાનું વિચાર્યુ. મંડળના જ અંબાબહેને પોતાની એક એકરની જમીન મંડળને ખેડવા

માટે આપી. આમ, ૨૦૧૩ની વરસાદની સીઝનમાં મંડળે શાકભાજીનું વાવેતર કર્યુ. બિયારણની પસંદગીથી વેંચાણ સુધીની દરેક પ્રક્રિયા બહેનોએ સ્વતંત્ર રીતે કરી. આ ખેતીમાં તેમણે સામુદાયિક રીતે જ તેનુ વેંચાણ પણ કર્યુ. તેમને ૩ - ૩ હજાર ની આવક થઇ.

આ સમગ્ર પ્રક્રિયામાં બહેનોનું માનવું છે કે, વ્યકિતગત કરતા સામુદાયિક ખેતી કરવાથી કામની તો વહેંચણી થાય જ છે સાથે સાથે બજારવ્યવસ્થામાં મોટો ફાયદો થાય છે. અને તેથી જ મહેનતનું પુરતુ ફળ મળે છે. આ પ્રયોગની સફળતા બાદ, તેમણે પંચાયત પાસે બજારવ્યવસ્થા માટે જમીનની માંગણી કરી છે. જે પ્રક્રિયામાં છે.

આ મંડળની સફળતા જોઇને બીજા જુથો પ્રેરણાપ્રવાસે પણ આવ્યા છે. અને તેમના અનુભવોથી શીખ મેળવી છે. તથા અન્ય બીજા બે જુથો પણ વરસાદની સીઝનમાં સામુદાયિક ખેતી કરવાની શરૂઆત કરી છે. આમ, દર વર્ષે આ જુથ સામુદાયિક ખેતી કરી રહી છે.